જમણવારોનો સવાલ. યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. અંક ૩૨ મો. | સંવત ૧૯૮૬ ના શ્રાવણ સુદી ૧૦. તા૦ ૪-૮-૩૦ | છુટક નકલ: ાા આનો.

## પર્યુષણ કેમ ઉજવશો !

પર્યુષણ પર્વ એ દરેક પર્વમાં શ્રેષ્ઠ પર્વ છે. એ મહાપર્વમાં દરેક ભાઇ અને બહેને પોતાના આત્માના કલ્યાણ અર્થે પોતાના જીવનને ઉત્તમ બનાવવા અને ભવફેરામાંથી બચવા મહાપુરૂષોના ચરિત્ર ઉપરથી બોધ લઇ, બ્રહ્મચર્ય, તપ, દયા, દાન, સત્ય, ઇત્યાદિ ઉત્તમ ગુણોના પથે વળી જીવનને ઉત્તમ પ્રકારનું બનાવવામાંજ સાર્થકતા છે.

પર્યુષણનો અર્થ એ છે કે આપણે આપણા અસલી સ્વરૂપને પ્રગટ કરવા પ્રયાસ કરવો. આત્માનો મૂળ ધર્મ આહાર કરવાનો નથી, એટલે પર્યુષણ દરમિયાન જેમ બને તેમ આહાર લેવાની વૃત્તિને સંકોચી લેવી જોઇએ. આ હેતુને ધ્યાનમાં રાખીને તપશ્ચર્યા થાય તો તે શોભે લાગે, વળી આત્મા નિંદ્રા સેવે તે એનું સ્વભાવિક સ્વરૂપ નથી, તો જેમ બને તેમ પ્રમાદનો ત્યાગ કરી દરેક ભાઇ અને બહેને આત્મજાગૃતિ માટે પ્રયત્ન કરવો જોઇએ. એમ ન થવું જોઇએ કે જ્યાં પંચમહાવ્રતના ધણી, દંભના દુશ્મન, ને સત્યના સાથી ચારિત્રવાન મુનિ મહારાજ ઉપાશ્રયમાં કલ્પસૂત્ર વાંચતા હોય ત્યાં જઇને બગાસા ખાઇએ, ઝોકાં ખાઇએ, અને કેટલીકવાર જોવામાં આવે છે તેમ કોઇ ઢંઢોળે ત્યારે જાગીએ, અને ક્યારે વખાણ ઉઠે ને જઇએ! ચાલો પર્યુષણ છે માટે ઉપાશ્રયે જઇએ, નહિં તો લોક નિંદા કરશે. આવી રીતના પ્રમાદ સેવતા અને તેમની દ્રષ્ટિએ શોભતા પોષાકો પહેરીને દેખાવ કરવા ઉપાશ્રયે જનારા કરતાં ઘેર બેસી આત્માનું કલ્યાણ સાધનાર હજાર દરજ્જે સારા છે એમ કહીએ તો શું ખોટું ?

ભાદરવા સુદ ૧ જે દિવસે પ્રભુના જન્મકલ્યાણ તરીકે ઉજવવામાં આવે છે તે દિવસે સુપન ઉતારવાના અને શ્રીફળ વધેરવાના સમયે કોઇપણ સંસ્કારી જૈનેતર આવે અને તે વખતની આપણી રીતભાત તરફ ધ્યાન આપે તો હસ્યા વિના રહે ? લગાર વિચારો ? જે સુપનો ઘીની ઉપજ માટે અથવા ગમે તે કારણે અમુક વર્ષોથી દાખલ કરવામાં આવ્યા છે તે સુપનો ઉતારવામાં આવે છે તે વખતે આપણે શાન્તિથી બેસીને અગર જગ્યાના સંકોચે શાન્તિથી ઉભા રહીને તે પ્રસંગ ઉજવવા કરતાં જમવા પ્રત્યેની ધમાલ, ચોખા ઉછાળવાની અધિરાઇ અને શ્રીફળ વધેરવાની ધમાધમ, આ દ્રશ્ય આપણે માટે શોભા ભરેલું ગણાય? અગર તે પ્રસંગની મહત્તા સમજ્યા નથી એમ કહીએ તો ખોટું છે ? આપણી નજર આગળ આઝાદ મેદાનમાં, જાહેર સભામાં લાખો માણસની મેદની હોય, કદાચ વર્ષાદ પડે તો છત્રી સરખી પણ ન ઉઘાડતાં શાન્તિથી બેસી રહેવામાં આવે છે. ત્યારે આપણે આ મહા પર્વના મહા દિવસે કેટલી અને કેવી ધાંધલ કરીયે છીયે તેનો ખ્યાલ લાવવા વાનગી તરીકે આટલું તમારી આગળ ધર્યું છે. હવે આવી કઢંગી સ્થિતિનું કારણ તપાસીશું તો દીવા જેવું જણાશે કે તે આપણી અજ્ઞાનતાને આભારી છે. ત્યારે પ્રથમ તો આપણી અજ્ઞાનતા દુર થાય તેવા પ્રયાસો થવા જોઇયે. કારણ કે સમ્યક્‌જ્ઞાન વિના સમ્યક્‌ ચારિત્ર હોઇ શકે નહિ. એમ માનીયે છીયે છતાં એકડો ઘુંટયા વિના જેમ મેટ્રીકની પરિક્ષામાં બેસાડવા જેવું કરતાં ચેલાચેલકીના મોહમાં લપસી પડેલા અમુક નામધારી સાધુઓ લાયકાત તપાસ્યા વિના બીન લાયકને દિક્ષા આપવાની ધમાલ મચાવી સમાજ રૂપી ઇમારતના પાયા ખોદી રહ્યા છે. તેઓ સમાજની અને તેમની અજ્ઞાનતા દુર કરવાના પ્રયાસો કરે તો તેમને ને આપણને આ મહા પર્વની મહત્તા સમજાય.

પર્યુષણ એ આત્મ ઉન્નતિનું અનુપમ સાધન છે તેથી તે ઉત્તમ પર્વમાં આત્માની ઉન્નતિ માટે ઉપાશ્રયમાં વ્યાખ્યાન શ્રવણ કરવા જઇએ છીએ ત્યારે આ ચારિત્ર્ય ઘડનારી શાળામાં કેટલેક સ્થળે ગલીચ ભાષાના હેન્ડબીલોની વૃષ્ટિ કરાવનારા વ્યાખ્યાનમાં શાસ્ત્રના ઓઠા નીચે અમુક સાધુ અને શ્રાવકોને ઉતારી પાડવાના મુદ્દાઓજ મનના ઘોડા દોડાવી નવા નવા મુદ્દા ઉભા કરી દ્વેષનો દાવાનળ સળગાવવાનો ધંધો લઇ બેઠેલા આવા નામધારી સાધુઓના ઉપાશ્રયમાં આ ભવ્ય પર્વના દિવસે કોઇ ભાઇ કે બ્હેન જાય તો કર્મની નિર્જરા થવા કરતાં કર્મ બંધન થાય તેથી જે સ્થાને આત્માનું કલ્યાણ થાય તેનું લાગે ત્યાંજ જવું લાભદાયી છે.

આવા ઉત્તમ દિવસોની અંદર ખાસ કરીને દરેક જણે આઠે આઠ દિવસમાં સંપૂર્ણ બ્રહ્મચર્ય પાળવું જોઇયે. તેને નભાવવા સાદો પોષાક અને સાદા ખોરાકનું સેવન કરવામાં આવે. અથવા તેને લગતાજ દેખાવો દ્રષ્ટિગોચર થાય તોજ એ બ્રહ્મચર્ય વૃત્તને વધુ મજબુતાઇ મળે. ત્યારે હાલ તેના બદલે તો આપણા ઉપાશ્રયોમાં અને બહાર આ મહાપર્વના દિવસોમાં અમુક સ્ત્રીઓ તો તેના બાળબચ્ચાં સાથે જાણે નાટક સીનેમામાં ભાગ લેવાને જતાં હોય તેવા જંગલશાહી અને નિર્લજ્જ પોષાકો કે જેના ઉપર સૂર્યનારાયણના કીરણ પડે તો નગ્નાવસ્થા દેખાય તેવાં મુલાયમ કપડાં પહેરીને વ્યાખ્યાનમાં જવું અને પાટ આડોઅડ જઇને એમના ગુરૂજી પાસે વાસક્ષેપ નખાવવો આ બધાં દ્રશ્ય બ્રહ્મચર્યને મજબુત કરનારાં છે કે હલાવી નાખનારા છે ?

બ્હેનો, સાદાઇમાંજ સંયમનો વાસ છે, એ તમે જાણો છો છતાં આવા અમર્યાદીત રંગબેરંગી ફેશનેબલ પોષાકો અને વધારે પડતાં અલંકારો પહેરી તમારા ચારિત્ર્ય ઉત્તમ બનાવી શકશો નહીં. તેથી મારી તમને નમ્ર વીનંતી છે કે સાદા અને જાડાં કપડાં પહેરો. એ વાત દીવા જેવી સીધ્ધ થઇ છે કે મીલોમાં જે કપડાં બને છે તેના ઉપર ચરબીની કાંજી ચઢાવવામાં આવે છે, તે કોઇનાથી પણ ના કહી શકાય તેમ છે નહીં. ત્યારે જેના ધર્મનો મુખ્ય સિધ્ધાંત અહીંસાનો છે, જેઓ નાનામાં નાના જીવની રક્ષા કરવાના પ્રયાસો કરે છે તેઓજ આવા હીંસામય કપડાં પહેરી હિંસાને ટેકો આપે છે.

( જુઓ પાનુ ૩ જું. )

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥
શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

# જમણવારોનો સવાલ.

હાલની રાજકીય ચળવળ ને તેને અંગે થતી દમન-નીતિને લઇને આપણા બંધુઓ તથા દેશભરના આગેવાનો જેલમાં ગયા હોવાને લીધે અનેક જાતના દુઃખો ભોગવતા હોય ને બીજી બાજુથી હોસ્પીટલોમાં ઘાયલ થયેલાની દુઃખ પરંપરા જોઇ હૃદય કંપતા હોય તેવા પ્રસંગમાં સાર્વજનિક જમણવારો હોઇ શકેજ નહિ, કરી શકાયજ નહિ ને કરવામાં આવે તો તે અટકાવવાજ જોઇયે. કોંગ્રેસ આવી બાબતમાં હુકમ પ્રગટ કરે નહિ. આતો સાધારણ અક્કલવાળો પણ સમજી શકે તેમ છે. ઘણા ભાઇઓ હાલ ઘરે બેઠા ત્યાગ ધર્મ પાળે છે તેઓએ કોંગ્રેસનાં ફરમાનની રાહ જોઇ નથી. જુદા જુદા સ્થળોએ જમણવારો બંધ થયાના સમાચારો વર્તમાનપત્રોમાં દરરોજ પ્રગટ થાય છે. જૈનેતર કોમોમાં પણ તે ચળવળ ચાલે છે. વીરમગામના સમાચાર આ અંકમાં અન્યત્ર આપેલા છે તે સિવાય મુંબઇને અંગે ગયા અઠવાડીયામાં ઝાલાવાડી શ્રીસંઘે તથા માંગરોળના શ્રીસંઘે બધા જમણવારો બંધ રાખવાનો ઠરાવ કર્યો છે. શ્રી સાગરગચ્છના સંઘોને અંગે જમણો માટે ચોક્કસ ઠરાવ થયો નથી પણ બંધ રહે તેવું વાતાવરણ જણાય છે. હવે રહ્યાં શ્રી ગોડીજીના સંઘને લગતા જમણવારો: તે વિષે વિચાર કરવા શ્રી ગોડીજીના સંઘની મિટિંગ શ્રાવણ સુદ ૮ ને રોજ મળી હતી જુદા જુદા ભાઇઓ તરફથી આખી પરિસ્થિતિ માટે વિચારો રજુ થયા હતા. એક ટોળીના ઘણા સભ્યોએ લાંબા વિવેચનો કર્યાં હતા તેમાં વીર-શાસનમાં આવેલી દલીલો સિવાય નવું કાંઇ હતું નહિ "આ વાત લાવનારનો ઉદ્દેશ ખરાબ છે. લાવનારાઓ આવા છે ને તેવા છે. કોંગ્રેસે ફરમાન કાઢ્યું નથી. સરદાર વલ્લભભાઇ જેવા ખાનગી જમણોમાં ભાગ લે છે. કાયમના જમણવારો તે અટકી શકે નહિ." શ્રી સંઘ ઠરાવ કરે તો દેશના હિત માટે આંબેલ તપ કરવા તૈયારી દેખાડનારાઓ જમણવારો ન જમવાનો ઠાવકો બેસાડવા તૈયાર નહોતા. કારણ કે પાલીતાણાની યાત્રા બંધ રહી ને તે પ્રસંગે જમણો વગેરે બંધ રહ્યા હતા તેમ કાયમના હોય તો પણ અપવાદે બંધ રહી શકે છે તેમ જ્યારે કહેવામાં આવ્યું ત્યારે તેના જવાબમાં તે ટોળીના એક વક્તાએ જણાવ્યું કે તે તો યાત્રા કરનારા નહોતા એટલે કે જમણવારો બંધ રહ્યા હતા અને જમનારા નહોતા એટલે અમે આવી વાતો આંબિલની કરીયે પણ અમે જમનારા તો છીએ માટે જમણવારો બંધ રહી શકે નહિ. આમ ક્યારે ભણેલા જુદા જુદા પાઠ રાગે બોલી જવાયા. જૈનોના તપ, અત્તરવારણા કે પારણાના જમણ ન હોય તો થઇ શકેજ નહિ અથવા તો તપ કરનારા અટકી જાય, આવી દલીલો વાપરી તપની શોભા ઘટાડી. આંબેલ તપ કરવાની ભલામણ કરનારા શા માટે પર્યુષણમાં મિષ્ટાન્ન જમણનો ત્યાગ કરી શકતા નથી? તેમને તો પર્યુષણમાં બે ટંક ઉનું જમવુંજ જોઇએ સવારનું ટાઢું જમે તો કાંઇ ધાર્મિક બાધ આવતો હશે એટલે તેવી દલીલોથી જમણવારો ચાલુ રાખવા આગ્રહ દર્શાવ્યો હતો. શ્રી સંઘની મીટીંગ વદ ૧ ઉપર મુલતવી રહી છે. તે દરમ્યાન જમણવાર નહિ જમવાના પ્રતિજ્ઞાપત્રો ઉપર સહીઓ વધારે પ્રમાણમાં થવી જોઇએ. યુવક સંઘ તરફથી તેવા પ્રતિજ્ઞા ફોર્મો તૈયાર કરાવવામાં આવ્યા છે. સ્વયંસેવકો આ બાબતમાં ખાસ પ્રયાસ કરે એમ અમે ઇચ્છીએ છીએ. વળી શ્રી સંઘની મિટિંગ થાય તે પહેલાં જૈનોની જાહેર સભા બોલાવવા શ્રી યુવક સંઘની કમીટીએ ઠરાવ કર્યો છે ત્યાં આગળ ચળવળને મજબુત કરવાના ઘટતા પગલાં નક્કી કરવામાં આવશે.

## દેશની લડતમાં વીરમગામના જનોનો ફાળો.

વીરગામના જૈન ભાઇઓ અને બહેનોની એક જાહેર સભા તા૦ ૨૬-૭-૩૦ ના રોજ રાત્રે ૮-૩૦ વાગે સંઘવી હઠીસિંગ સૌભાગ્યચંદની ધર્મશાળામાં વકીલ શ્રીયુત્ છોટાલાલ ત્રીકમલાલ પારેખના પ્રમુખપણા નીચે મળી હતી જેમાં નીચેના ઠરાવો સર્વાનુમતે પસાર થયા હતા.

ઠરાવ નાં. ૧—આજથી એક વર્ષ સુધી નાત, નોકારસી, તેમજ ગચ્છ વીગેરે જમણવારોમાં જમવા જવું નહીં.

ઠરાવ ૨—આજથી એક વર્ષ સુધી વિદેશી કાપડ ખરીદ કરવું નહી તેમજ અન્ય વ્યક્તિને અપાવવું નહી.

ઠરાવ ૩—હમેશની વપરાસની ચીજો બનતાં સુધી સ્વદેશી વાપરવી, અને તેવી સ્વદેશી વસ્તુઓ ન મળી શકે તોપણ બ્રિટીશ બનાવટની વસ્તુઓ ખરીદ કરવીજ નહીં. આ ઉપરાંત અભિનંદ આપનારા ઠરાવો પસાર કર્યાં હતા.

## શાસનપ્રેમીઓનો અહિંસા ધર્મ ?!!

સરદાર વલ્લભભાઇના એક વાક્ય ઉપરથી અમદાવાદમાં ખળભળાટ મચાવવાનું કામ કહેવાતા શાસન પક્ષે કર્યું હતું તે ઉપરથી મિટિંગો મળી, સરઘસ નીકળ્યું, તે સરઘસમાં ભાગ લેનારાઓને શેખના પાડામાં શાસનપક્ષ તરફથી જે માર મારવામાં આવ્યો છે તે તરફ દરેક સાચો જૈન તિરસ્કારની નજરથી જોશે, હવે આ આવા બનાવોમાં બનતું આવે છે તેમ સામા પક્ષની કાંઇક ખોડ ખોળી કાઢવાનો પ્રયત્ન કરવામાં આવશે પણ સમાજ હવે તેવા બચાવોથી છેતરાશે નહિ. માર માર્યો છે તે વસ્તુ સાબીત છે એટલે કહેવાતો શાસન પક્ષ હમેશ કલંકિત ગણાશે ને ઝનુનેરના કાર્યો આ પરાક્રમથી ભુલાઇ જશે.

: : લવાજમ : :

વાર્ષિક (ટ. ખ. સાથે) રૂા. ૨-૦-૦
સંઘના (સ્થાનિક) સભ્યો માટે રૂા. ૧-૦-૦

[અનુસંધાન પાના પહેલાનું ચાલુ.]

તમારા અંતર ઉપર હાથ મૂકીને વિચારશો તો તમને સહેજે સમજી શકાશે કે જેઓ આવા હિંસામય કપડાં પહેરવામાં અને ખાદી પહેરવામાં કશો ભેદ જોતા નથી તેઓ દ્વેષથી બળતા હોવાથી લોકોને ઉંધા રસ્તે દોરવાના પ્રયત્ન સેવી રહ્યા છે, તેવા દંભીઓના બોલવા તરફ ધ્યાન ન આપતાં દરેક જણે ધર્મ અધર્મનો વિચાર કરી આ હિંસામય કપડાં છોડી દેવાં જોઇએ. તેમાં પણ આપણાં આ મહાપર્વના દિવસે તો અવશ્ય ખાદી ધારણ કરી ધર્મક્રીયા કરશો. રખે! ધર્મને બાધ આવે એવા હિંસક કપડાં શરીરને અડાડી શરીર અપવિત્ર કરી આ પવિત્રમાં પવિત્ર પર્વને અભડાવવાનું પાપ ન વહોરતા.

આપણા મહાપર્વમાં જે જમણવારો થાય છે તેને તપાસીશું તો દેખાય છે કે જમણવારો પણ કહેવાતા ધર્મસ્થાન રૂપ ઉપાશ્રયની પેઠે તે પણ આપણી ઉન્નતિના વેગને રોકનારા છે. આપ એ તો કબુલ કરશો કે ધાર્મિક દિવસોમાં કર્મની નિર્જરા માટે બને તેટલી તપશ્ચર્યા ન થઇ શકે તેણે શરીર નીભાવવા ખાતરજ આહાર લેવો જોઇએ. તે પણ તદ્દન સાદો અને કંઇક ઓછો લેવામાં આવે તો બ્રહ્મચર્ય પળાય, પણ માદક ખોરાક લેવામાં આવે તો બ્રહ્મચર્ય ખંડીત થતાં વાર કેટલી લાગે? છતાં જેનું મન માલ મિષ્ટાન્નમાંજ ભમ્યા કરે છે, અરે! કંઇક તો જમવાની લાલચેજ અમુક વ્રતો કરતા હશે તેવા દૂધપાકીઆ ટોળાને જમણવાર બંધ થવાની ગંધ આવતાંજ ધ્રાસ્કો પડયો છે. આવા કહેવાતા ધાર્મિક વર્ગે વિચારવાની જરૂર છે કે સાદા અને પવિત્ર પોષાકમાં અને સાદા ખોરાકમાં જીવન ઉચ્ચ કોટિએ લઇ જવાય છે, નહીં કે ગુંદની સખપાપડી, રાબડી, પીંપળામુળની ગોળી, મલાઇ, કઢેલાં દૂધ, બદામ, પીસ્તાં અને જુદી જુદી જાતનાં સ્વાદીષ્ટ પદાર્થો ખાવાથી આવો સાદો અને સરળ કોયડો કેમ નથી ઉકેલાતો?

આજ કાલ અમુક જગ્યાએથી આ જમણવારોને ધાર્મિક પ્રવૃત્તિ તરીકે ઓળખાવી જમવામાંજ ધર્મ છે, જમણો થવાંજ જોઇએ તેવા ઉપદેશો અપાઇ રહ્યા છે તેમને પૂછીએ છીએ કે વાતો તો પ્રભુનો ધર્મ સંભળાવવાની અને ત્યાગનીજ કરવાનો દાવો કરો છો, ત્યારે જે જમણવારોમાં આરંભ સમારંભને લીધે કર્મ બંધાય છે, તે જમણવારોને કયા શાસ્ત્રના આધારે પોષી રહ્યા છો? કે પછી તમારી પ્રકૃતિ પ્રમાણે જે ગધ્ધા પૂંછ પકડયું તેને ધર્મના નામે ઠોકી બેસાડવામાંજ બહાદુરી સમજો છો?

ઉપરનું વિવેચન કરતાં પર્યુષણ જેવા મહાપર્વમાં કેમ વર્તવું જોઇએ તે વાત સામાન્ય પ્રસંગને ઉદ્દેશીને કહી છે. અત્યારે પ્રસંગ બદલાયો છે, દેશમાં જીવન મરણનો પ્રસંગ ઉભો થયો છે, દેશની આઝાદી માટે આ ધર્મયુદ્ધમાં દેશના સપુતોને જેલમાં પૂર્યા છે, હજારો નિઃશસ્ત્ર સત્યાગ્રહીઓ લાઠીઓથી ઘવાયા છે. અનેકના જીવ ગયા છે, બહેનોના ચોટલા ખેંચાયા છે, કેટલેક ઠેકાણે લાજો લૂંટાઇ છે, બાળકોને કુટકાવવામાં આવ્યા છે એટલે હાલ તો ભારતવર્ષની સ્થિતિ અતિશય ગંભીર છે. તેથી નાના અને મોટાં, સ્ત્રીઓ અને પુરૂષો, દેશની આઝાદી માટે મરણીયા થઇ લડી રહ્યા છે, વેપારીઓ વેપાર છોડી રહ્યા છે, ખેડુતો ખેતી છોડી રહ્યા છે, વિદ્યાર્થીઓ અભ્યાસ છોડી રહ્યા છે. તેવા કારમા પ્રસંગે ઓ! જૈન સમાજના યુવકો અને યુવતીઓ, શું તમે આપણા ધાર્મિક દિવસોમાં મિષ્ટાન્ન ઉડાવી આખી જૈન સમાજને કલંકીત કરવા માગો છો!

ભારતવર્ષની આઝાદી માટે અહિંસક યુદ્ધ ચાલી રહ્યું છે, તે યુદ્ધ સામે સરકાર તરફથી જે દમનનીતિ ચલાવવામાં આવે છે, તે તમારાથી અજાણી નથી, એટલે કોઇ પણ જમણવાર જમવો એ તો દેશદ્રોહ કરવા જેવું છે. અરે! દયાહીન બનવા જેવું છે.

શું જ્યારે તમારે ત્યાં શોગ હોય છે ત્યારે તમે જમવા જાઓ છો? નથી જતા તો પછી તે શોક કરતાં આ પ્રસંગ હજારગણો શોક જેવો છે, એટલે જમણવાર થઇ શકેજ નહીં. ખ્યાલ રાખજો, ઇતિહાસમાં આ યુદ્ધનું એક સોનેરી પાનું ઉમેરાશે તેમાં એમ ન લખાય કે જે વખતે હીંદુસ્તાન ઉપર કેર વર્તી રહ્યો હતો તે વખતે જૈન કોમના યુવાનો અને સન્નારીઓએ માલ મિષ્ટાન્ન ઉડાવ્યા હતા. આથી દરેક સાવધ બનો, આપણા મહાપર્વના દિવસો બાકી છે તે પહેલાં બને તેટલી તૈયારીઓ કરીને આ કલંકરૂપ જમણવારો અટકાવજો. નહિ તો કપાળ તપાસવું પડશે, એટલે કપાળે કાળી ટીલી ચોંટશે.

પ્રસંગ ઓળખીને વર્તન કરવું એમાંજ શાણપણ સમાયેલું છે, સાચું જૈનત્વ રહેલું છે, તેનો એક દાખલો ટાંકુ—જે વખતે શત્રુંજયની યાત્રા બંધ કરવાનો શ્રાવક વર્ગે ઠરાવ કર્યો અને પાછળથી સાધુ વર્ગે ઝીલ્યો અને પોષ્યો. તે શું બતાવી આપે છે? જે તીર્થની યાત્રા કરવાથી માણસની ભવ્યતા સિદ્ધ થતી હોય તે તીર્થનો ત્યાગ કરવાનું કહેવું એ શું પાપ નથી? એમ કરવામાં કયા શાસ્ત્રનો આધાર રજુ કરી શકાય તેમ છે? છતાં એ જૈનો માટે આપત્તિનો પ્રસંગ હતો, અને તેવે સમયે સકળ જૈન સંઘે દુભાતે દીલે અને લીધેલી પ્રતિજ્ઞાના નિર્વાહમાં પણ અંતરાયરૂપ હોવા છતાં પવિત્ર તીર્થરાજની યાત્રા કરવાનું માંડી વાળી શાસ્ત્રાનુસાર ગણ્યું અને પુન્ય કાર્ય તરીકે સ્વીકાર્યું" તો પછી જે વખતે આખા દેશની ઉપર આફતની નોબત ગગડતી હોય, ચોમેર અત્યાચારના વાદળાં છવાઇ રહ્યાં હોય, ધર્મને કોઇ પણ જાતનું બાધક ન હોય તેવે વખતે ભારતની નાની કોમ તરીકે ગણાતી આપણી જૈન આલમે આવા જમણવારોને બહિષ્કાર કરવો જોઇયે. છતાં કોઇ ધર્મના સાચા સ્વરૂપથી અપરિચિત અને પાષાણ હૃદયના કોઇ મનુષ્યો જમણવારી કરવા તેમ જમવા બહાર પડે તો હાથ જોડીને ન બેસી રહેતાં જમણની જગ્યાએ લાંબા થઇને સુઇ જજો. કદાચ કહેવાતા ધર્માંધ ભક્તો લાઠીઓ તમારી સેવા કરે. ગાળી રૂપ ચક્ર ચલાવે તો પણ હસ્તે મુખડે સહન કરીને એ લાઠીના લાડુની શરમ કશાથી જૈન સમાજને બચાવજો. અસ્તુ.

## સાર્વજનીક જમણવારોમાં અત્યારે દેશદ્રોહ—ધર્મદ્રોહ છે.

રાષ્ટ્રની આઝાદીનો જંગ મંડાયો છે તે વખતે સાર્વજનિક જમણવારો ન શોભે. તેટલા માટે જમણવારોનો બહિષ્કાર સંબંધી નિર્ણય કરવા શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી સહાનુભૂતિ બતાવનારાઓની એક જાહેર સભા તા૦ ૩૦–૭–૩૦ ના રોજ માંગરોળ જૈન સભાના હોલમાં મળી હતી.

પ્રમુખસ્થાને શ્રીયુત પરમાનંદ કુંવરજી કાપડીઆ બીરાજ્યા હતા.

શરૂઆતમાં શ્રીયુત વલ્લભદાસ ફુલચંદ મહેતાએ જણાવ્યું કે જ્યારે દેશમાં આઝાદી માટે સંગ્રામ મંડાયો છે. પૂજ્ય મહાત્માજી, નેહરૂજી વિગેરે હજારો દેશ નાયકો જેલમાં પુરાયેલા છે. જેમાં આપણા ચુનંદા જૈન બંધુઓનો પણ સમાવેશ થાય છે. જ્યારે હજારો માણસો લોહીલુહાણ થાય છે અને અનેક પરિસહો સહન કરી અદ્વીતીય લડત ચાલી રહી છે તેવા આપત્તિના સમયમાં સાર્વજનીક જમણવારો બંધ રાખવાનું કહેવું પડે તે વધારે પડતું છે. પરંતુ આપણામાં પણ એવો વર્ગ છે કે આવા જમણવારનો મોહ છોડી શકતા નથી. બ્રિટીશ સત્તાધીશોની ધુંસરી ફેંકી દેવા, ખાદી પહેરવામાં પણ, વિલાયતમાં મજુરો ભૂખે મરે તેની દયા ખાવાની દલીલ આપતા સંભળાય છે. પરંતુ માતૃભૂમિના કરોડો માણસો ભૂખે મરે કે ગુલામીમાં સબડે તેની દયા દેખાતી નથી. એ રીત

સાર્વજનિક જમણવારો આગળ ધાર્મિક કે એવું વિશેષણ લગાડી, જમણવારો કરવાની દલીલો કરતા સંભળાય છે. ત્યાગ અને તપની, તેની પાછળ જમણવાર ન હોય તો કિમ્મત જરા પણ ઘટતી નથી. અને વ્યવહારમાં પણ શોકના કારણે ધાર્મિક જમણવારોમાં પણ આપણે ભાગ લેતા નથી. ત્યારે શું તે આપણું પગલું ધર્મવિરોધી ગણો છો? નહિજ, તો પછી આખા દેશમાં આફત આવી પડી છે તે વખતે જમણવારો બંધ રાખવામાં ધર્મને ક્યાં બાધ આવે છે તે સમજાતું નથી. માટે સાર્વજનીક જમણવારો આ લડતનો અંત ન આવે ત્યાં સુધી બંધ રાખવા દરેક યોગ્ય યોજના હાથ ધરવી જોઇએ. છતાં જમણવારો કરવાનો આગ્રહ રખાય તો છેવટ આપણે તો નિશ્ચય કરવો જોઇએ કે તેમાં આપણે ભાગ ન લઇ શકીએ.

ત્યારબાદ શ્રીયુત્ રતીલાલ સી. કોઠારીએ શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી જુદા જુદા સાથના ડસ્ટીઓ વિગેરેને લખેલા પત્રની વિગત વાંચી સંભળાવી હતી અને ઘોઘાવાડના સંઘે જમણવારો બંધ રાખવા અને તેમાં ભાગ ન લેવાનો ઠરાવ કર્યો. તેમણે તે વાંચી સંભળાવ્યો હતો. અને બીજા સાથોએ પણ આ બાબત વિચાર કરવા સભાઓ બોલાવી છે તેમ જણાવ્યું હતું.

શ્રીયુત્ આણંદજી પંડીતે જણાવ્યું કે અત્યારે જમણવાર બંધ રાખવાની વાત તો એટલી સાદી અને સીધી છે કે તેના વિરોધની વાત પણ કમકમાટી ઉપજાવે તેવી છે. જો આપણામાં માનવતા હોય તો અત્યારે જમણવારોથી દૂર જ રહીએ. ત્યાગ અને તપ ઇંદ્રિયોની જીત માટે છે. ત્યારે ધર્મના ઓઠા નીચે અત્યારે જમીને ઇંદ્રિયની જીત મેળવાશે? શું ઇંદ્રિયને ઉત્તેજીત કરે તેવી વાનીઓ ખાવાથી તપ ખીલે છે? ખરું જોતાં તપ પાછળ જમણવારને સંગતિ જણાતી નથી. અને જમણવાર ખાતર પૌષધમાં સંખ્યા વધે. તેમાં સર્વાંશે હેતુ નજ સચવાય. આજે તો લાઠીથી, જેલથી, ખુનથી, બળીદાનો અપાઇ રહ્યાં છે. તે વખતે ઇંદ્રિયોની જીત મેળવવાની ફીલસુફીવાળા આપણે સાર્વજનીક જમણવારની વાત પણ કેમ કરી શકીએ?

યુવકસંઘને સમાચાર આવ્યું છે કે કચ્છીઓ કે જેઓની લગભગ ૧૫૦૦૦ ની સંખ્યા છે તેમણે મહાત્માજી ન છુટે ત્યાંસુધી ધાર્મિક સુધ્ધાંત જમણવારો ન કરવા ઠરાવ કર્યો છે. લોંકાગચ્છના ભાઇઓ તે ઠરાવ પર આવી ગયા છે. સ્થાનકવાસી ભાઇઓ કે જેઓની સંખ્યા લગભગ ૨૫૦૦૦ હજારની છે તેઓ તમામ જમણવારો બંધ કરે છે.

ત્યારે આ ઠરાવ ન કરનાર કોણ છે? જે આ વાતો કરે છે તેમની તપ, ચારિત્ર્ય, ત્યાગ વિગેરેની દલીલો તો મુંબઇની પ્રજા જાણે છે, પરંતુ આ બાબતની પણ હિમાયત કરનારા ફરીથી પણ કોઇ ભાષાવાળા સાથે ઇન્ટરવ્યુ ગોઠવે તો ખબર પડે કે ત્યાગ, સંયમ, તપની ખરી ઉપાસના હોય તો, તો માલપાણી ઉડાવવાની આદતની તેમણે પહેલી દાંડી પીટવી જોઇએ. શું બુધ્ધિ બહેર મારી ગઇ છે કે તપ, ત્યાગને નામે અત્યારે જમણવારો કરીએ?

કલ્પસુત્રમાં સ્વામી વત્સલની વાત આવે છે. તેના જવાબ કલ્પ સુત્રમાંથીજ પ્રભુ મહાવીર નિરૂપદ્રવી ન થાય ત્યાં સુધી દેવેન્દ્રે આનંદના તમામ સમારંભો બંધ કર્યાં હતા, તે હકીકત દાખલા દલીલપૂર્વક સમજાવી હતી. દેશની ભીડના સમયે, ભામાશા વિગેરે જૈનોએ કેવી સુંદર સેવાઓ બજાવી છે તેવા પૂર્વજોના ગૌરવભર્યાં ઇતિહાસનું વર્ણન કર્યું હતું, અને દુનીઆમાં જૈન ધર્મની હાંસી થતી અટકાવવા અત્યારે જમણવારો બંધ રાખવા મજબુત અપીલ કરી હતી.

શ્રીયુત્ કાનજી ઉદેશીએ જણાવ્યું હતું કે કચ્છી નાની ન્યાતે પણ અત્યારે જમણવારો બંધ રાખવા ઠરાવ કર્યો છે. અને અત્યારે આત્મભોગ અપાઇ રહ્યા છે તે સંબંધી વિવેચન કરી, મહાત્મા ગાંધીજી ન છુટે ત્યાં સુધી જમણવારો બંધ રાખવા સુંદર હિમાયત કરી હતી.

શ્રીયુત્ ચાહરાકરે જણાવ્યું કે રાત્રી પડી હોય અને કહેવા નીકળવું પડે કે રાત્રી પડી છે તે કરતાં વધારે બેહુદું અત્યારે જમણવારો બંધ કરવા કહેવા નીકળવું પડે તે છે. જે અહિંસાનું કાર્ય, નિર્બળ સમાજ ન ઉપાડી શક્યો, તે દેશનેતાઓએ ઉપાડી લીધું છે. તેઓ પોતાનું સર્વસ્વ હોમી, કાંકરી અને સીમેંટવાળો જેલનો ખોરાક ખાય છે. આપણા યુવાનોનાં માથાં ફુટે છે. ગોળીથી વીંધાય છે. તે વખતે જીભના ચસકા ખાતર જમણવારો કરી મિજાનો ઉડાવનાર સુર ન હોય, અસુર હોય. અત્યારે પણ જમણવાર કરવાની હિમાયત કરનારાઓની દાનત સારૂં ન થવા દેવાની છે. તેઓને બીજું સુઝતું જ નથી કે આવડતું નથી. સારૂં તે મારૂં તેમ તેમના મનમાં નથી, ગઇ કાલનો ઇતિહાસ તપાસશો તો માલુમ પડશે કે નાના એવા ગામમાં પીકેટીંગ કરવાની જરૂર હતી. એ બીજાના દુઃખ જોઇ કુતરા પણ કકળે છે. માટે હજુ પણ માણસાઇ ભુલી જમણવાર કરે ને તેમની આંખ ન ઉઘડે તો જરૂર પીકેટીંગ કરવું જોઇએ અને સમસ્ત જૈન યુવકોની ફરજ છે કે સાથે ઉભા રહેવું જોઇએ એઓને સમજાવી દેવા કે તમે જમો છો તે મિજાના નથી, પરંતુ બીજું કંઇક છે.

ત્યારબાદ શ્રીયુત્ મણીલાલ મોહોકમચંદે નીચે મુજબ ઠરાવ રજુ કર્યો હતો.

**ઠરાવ**: જ્યારે દેશભરમાં સ્વાતંત્ર્યનો અપૂર્વ સંગ્રામ લડાઇ રહ્યો છે, મહાત્મા ગાંધીજી અને અન્ય દેશનાયકો જેલમાં પુરાયા છે, હજારોની સંખ્યામાં દેશબંધુઓ કેદ થયા છે અને સરકારની દુષ્ટ દમનનીતિ સર્વત્ર ત્રાસ વરતાવી રહી છે ત્યારે ધર્મ કે વ્યવહારના કારણે કોઇ પણ પ્રકારના સામુદાયિક જમણવારો થાય તે કોઇ પણ રીતે ઇચ્છવા યોગ્ય નથી એમ જૈનોની આ જાહેર સભા જાહેર કરે છે અને જ્યાં સુધી આ લડાઇ ચાલે ત્યાંસુધી આવા જમણવારો નહિ કરવા તેમજ કોઇ ઠેકાણે થાય તો તેમાં બીલકુલ ભાગ ન લેવા-સર્વે જૈન બંધુઓને આગ્રહ કરે છે.

(૨) આ પ્રસંગે જે જુદા જુદા સાથો કે સંઘોએ પોતા તરફથી જમણવારો બંધ કર્યાં છે તેમને આ સભા ધન્યવાદ આપે છે.

જે સર્વાનુમતે પસાર થયેલો જાહેર કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ શ્રીયુત્ પરમાનંદ ભાઇએ જણાવ્યું કે બાર કલાકની પુરી નોટીસ ન છતાં, આટલી મોટી હાજરી છે. તેનો અર્થ એ છે કે આ વિચાર સર્વત્ર સ્વીકારાયેલ છે. ઘણા ભાઇઓને આ કાર્ય માટે આટલી જહેમત ઉઠાવવી પડે છે તે માટે આશ્ચર્ય બતાવ્યું. પરંતુ અત્યારે તો આવા આશ્ચર્ય ઘણા છે તેમાં પણ સાધુ વિરોધ બતાવે તે અજોડ જ ગણાય, છતાં રૂઢીની ગુલામી દશા ન છોડી શકનાર, જમણવારનો આગ્રહ બતાવે અને કહેશે કે આ હીલચાલ ધર્મ વિરૂદ્ધ છે. તેનો જવાબ આપી શકાય. જેમકે સામાન્ય રીતે દેરાસર ન હોય ત્યાં બંધાવવાની જરૂરીઆત ગણાય. પરંતુ જો એક ગામમાં ૫૦૦ દેરાસરો હોય ત્યાં એક નવું બંધાવવું યોગ્ય નથી. શત્રુંજયની યાત્રા પવિત્ર હોવા છતાં સમય જોઇને યાત્રા કરવીજ જોઇએ તેવી બંધાવાવાળાને પણ બંધ રાખવું પડ્યું હતું: તેમાં ધર્મ હતો. ધર્મના વ્યવહારો માટે એકાંત ન કહી શકાય તેમ સામાન્ય રીતે જમણવારો સંગઠન, ભાઇચારો વધારવા માટે ગણાય. પરંતુ અત્યારે તો લડાઇનું વાતાવરણ છે એટલે જમણવારો અસંગત છે. તે મૂર્ખતા છે, પાપ છે. આ કાયમ માટે નથી પરંતુ ફક્ત આવા સંજોગ માટે બંધ કરવાની વાત છે. આમાં ચરીત્રની હાણ નથી. તે વાત પાયા વીનાની છે. તેમણે સૂચનાઓ કરી હતી કે આ સંબંધી વિચાર કરવા જુદા જુદા સાથોની મિટિંગ મળવાની છે. તે વખતે સર્વ ભાઇઓને વિનંતિ છે કે ત્યાં હાજરી આપવી અને જમણવારો બંધ રહે તે માટે સમૂહબળનો ઉપયોગ કરવો. છતાં સમય તરફ દુર્લક્ષ રાખી, જમણવારનો દુરાગ્રહ ન છોડે તો પીકેટીંગ પણ જરૂર કરવું જોઇએ તે માટે ભાઇઓ તથા બહેનોએ પણ તૈયાર થવું જોઇએ.

પછી પ્રમુખનો આભાર માની મિટિંગ વિસર્જન કરવામાં આવી હતી.

આ પત્રિકા અંબાલાલ બાર. પટેલે "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ નં. ૩ મધ્યે છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નં. ૨ મધ્યેથી પ્રસિદ્ધ કરી છે.

જૈન સમાજની પરિસ્થિતિ.  યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

| | | |
|---|---|---|
| વર્ષ ૧ લું. અંક ૩૩ મો. | સંવત ૧૯૮૬ ના શ્રાવણ વદી ૨. તા૦ ૧૧-૮-૩૦ | છુટક નકલ : ૦॥ આનો. |


## ભારતભૂષણ માલવીયાજીએ બતાવેલો સત્યાગ્રહનો મર્મ.

### નામદાર વીઠ્ઠલભાઇ પટેલની બૉયકોટની મજબૂત અપીલ.

શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ તરફની સ્વદેશી પ્રચાર અને બ્રિટીશ બહિષ્કાર સમિતિના આશ્રય નિચે તારીખ ૯-૮-૩૦ ના રોજ એક જાહેર સભા મુંબઇ પ્રા. મ. સમિતિના પ્રમુખ શ્રીમતી હંસાબ્હેનના પ્રમુખપણા નીચે મળી હતી. ભારતભૂષણ માલવીયાજી અને નામદાર વીઠ્ઠલભાઇ પટેલે લગભગ અર્ધો કલાક સુધી સુંદર ભાષામાં લડતનું રહસ્ય સમજાવ્યું હતું.

### ધર્મિપક્ષની ગેરહાજરી.

દરેક સ્વયંસેવક મંડળો તથા જૈન આગેવાનો હાજર હોવા છતાં, ખાસ કરીને ધર્મિપક્ષ અને તેની સ્વયંસેવક સેના ગેરહાજર હતી.

અમારા રીપોર્ટરે લોકોને બોલતાં સાંભળ્યું કે તે લોકોને આ ચળવળ "રાજાથી પ્રજા શાન્તિભંગ" ના પાઠથી વિરૂદ્ધ એટલે ધર્મ વિરૂધ્ધ લાગે છે.

શરૂઆતમાં પંડીતજીએ જે મહાપરિવર્તન આખા ભારતવર્ષમાં એક છેડાથી બીજા છેડા સુધી થઇ રહ્યાં છે. અને તેમાં દેવીઓનો પણ રાજકારણમાં સાથ જોઇ સંતોષ પ્રગટ કર્યો હતો

પ્રાચીન સમયથી ભારતવર્ષનો મહિમા-તેમાં પ્રભુએ મુકેલી અનેક સમૃદ્ધિઓ ધર્મની ભાવના પોષનાર મહર્ષિઓની ભૂમિનો સરલ ભાષામાં ચાર હજાર વરસનો ટુંક ઇતિહાસ રજુ કર્યો અને પૃથ્વી મંડળપર એવો બીજો કોઇ દેશ નથી તેનો ખ્યાલ તાજો કરી બતાવ્યો. પૃથ્વી મંડળપર મારી માતા સમાન કોઇ સ્ત્રી નથી. તેવી રીતે મારા દેશ સમાન, દુનિયાભરમાં બીજો દેશ નથી. એટલે ભગવાને દરેકને પોતાનો દેશ પોતા માટે આપ્યો.

મહાન લડાઇ વખતે જર્મનોને મહાભયંકર ગણ્યા. બીજી પ્રજાને અમારા પર રાજ્ય નહિ કરવા દઇએ તેટલા માટે તો અંગ્રેજો અને ફ્રેંચો પ્રાણ દેવા તૈયાર થયા. તેમની મદદે હિંદી ફોજો ગઇ. સંખ્યાબંધ આપણા ભાઇઓએ જાન કુરબાન કરી, જર્મન ફોજને હઠાવી દીધી. તે ઉપકારના બદલામાં આજે આપણા ભાઇ બ્હેનોપર લાઠીનો વરસાદ વરસાવે છે.

મુસલમાન રાજ્યમાં તો અકબરના સમયથી સર્વ હિન્દી તરીકે એકજ થઇ ગયા. શાહજહાનના સમયમાં પણ ભારતવર્ષની જાહોજલાલીની ગણના કરવી મુશ્કેલ છે. અંગ્રેજો અહિંઆ વેપાર કરવા આવ્યા અને ચોરી ન થાય, રક્ષણ થઇ શકે તે માટે કિલ્લા બનાવ્યા. પછી તો છળ, બળ, ચતુરાઇ, કપટ, બેઇમાનીથી પગપેસારો કર્યો.

લોકો ન સમજ્યા અને અંગ્રેજોનો વિશ્વાસ કર્યો અને રાજ્ય બચાવવાની કોશીશ પણ ન કરી. મેં પણ નાનપણથી ૫૦ વર્ષ ઉપરાંત દેશસેવા કરી અને મને પણ અંગ્રેજોનો વિશ્વાસ હતો તે સાયમન કમીશન આવ્યું ત્યારથી ઉઠી ગયો છે અને હવે આંખો ખુલી ગઇ છે, કે આ તો વિદેશી રાજ્ય છે. ગમે તેટલી સારી વ્યવસ્થા કરવા માટે પણ આપણા ઘરનો બીજો કોઇ માલીક હોય તે સહન થશે? (કદિ નહિ ના અવાજો). એટલે જ્યારથી પેદા થયા ત્યારથીજ અમારા દેશપર અમારો હક થઇ ગયો છે. એટલા માટે દોષ ન હોય તો પણ પારકાનું રાજ્ય હોય તે હઠાવવાનો આપણો ધર્મ છે વિદેશી રાજ્ય વિષ છે, તેના જેવું ભયંકર ઝેર દુનિયામાં બીજું કોઇ નથી.

વિદેશી રાજ્યમાં એક દોષ તો એ છે કે મહાન દાદાભાઇ, રાનાડે કે ગાંધીજી જેવા પણ ગવર્નર ન થઇ શકે, જ્યારે લાયકાતથી અંગ્રેજ બચ્ચો ખુશીથી તેવા હોદ્દા મેળવી શકે છે. બીજો દોષ હજારો માર્ગે હિન્દુસ્તાનની કમાઇનો હિસ્સો અંગ્રેજો લઇ જાય છે. સીવીલીયનો મોટે ભાગે અંગ્રેજો. ફોજમાં ૭ હજાર ઓફીસરોમાં ૪૮ જેટલા હિન્દી અફસરો. બાકીના અંગ્રેજો રેલ, બેન્ક, વીમાન, સ્ટીમર વિગેરે સર્વ વ્યાપાર અંગ્રેજોના બાપના કે તેમના બેટાના હાથમાં આવી રીતે લગભગ ૩૫૦ કરોડ રૂપીઆનો વેપારનો કાબુ રાખે છે.

તેમની વ્યાપાર નિતિના દાખલારૂપે હિન્દી નેતાઓનાં પોકાર વિરૂદ્ધ એક્સચેન્જ પણ મુકરર કર્યું અને ઇમ્પીરીયલ પ્રેફરન્સ ઠોકી બેસાડયું. અને કાપડ ઉપરાંત, દારૂ કે જેને અડતાં સચેલ ન્હાવાનું કહે છે તેનો ફેલાવો કર્યો.

ડુમીનીયન સ્ટેટસ આપવાની વાઇસરોયે કબુલાત કરવાની ના પાડી અને મહાસભાએ સ્વતંત્ર થવાનો ઠરાવ કર્યો અને સ્વતંત્રતા મેળવવા માટે ધર્મના ભાવથી સાબરમતિના સાધુએ સત્યાગ્રહનો માર્ગ બતાવ્યો. આ સત્યાગ્રહ તે અત્યારની ગવર્નમેન્ટની પધ્ધતિ સામે શાન્તિમય બળવો છે. અંગ્રેજો તેને બંધારણ વિરોધી (Unconstitutional) ચળવળ કહે છે. પરંતુ દુનિયાના સર્વોત્તમ, સાધુ પુરૂષ, સન્માનિત અને પૂજ્ય એવા પુરૂષવરો, અબાધીન કાયદાનો ભંગ કરે છે. તેવા કાનુન તોડવા બદલ ન્યાય, કે અન્યાય કાંઇ પણ બોલતા નથી. ગીરફતારી માટે વિરોધ પણ કરતા નથી અને જેલ ભોગવે છે, લાઠી કે ગોળી પણ ખાય છે, છતાં સત્ય અને અહિંસાનો માર્ગ છોડતા નથી. એટલે હું તો કહું છું કે સત્યાગ્રહ તે બરાબર સંપૂર્ણ રીતે બંધારણપૂર્વકની (Constitutional) ચળવળ છે. દુઃખનો વિષય તો એ છે કે આપણાજ ભાઇઓ પણ અંગ્રેજોની તે ધુનમાં ભળે છે. આટલું બસ નથી. ઉલટા અમારૂં અપમાન કરે છે કે તમે લાયક નથી થયા. શ્રેણીથી ચઢાવીશું, એ તો ઘા પર નીમક લગાડવા જેવું છે.

છેવટે વ્યાપારી ભાઇઓએ ઘણી તકલીફો ઉઠાવી બહિષ્કારમાં મદદ કરી છે તેને માટે ધન્યવાદ આપ્યો હતો. હિંદને હજારો રોગ ભરાવી રસકસ ચૂસાય છે તે અટકાવવા, આપત્તિનો સમય છે માટે હિમ્મત રાખવા વિદેશી રાજ્યરૂપી પ્લેગ કાઢવા દૃઢ સંકલ્પ કરી, વિજય પ્રાપ્ત કરવા મજબુત અપીલ કરી હતી. પીકેટીંગના ડરના માર્યા નહિ, પણ પોતાને મેળે ત્યાગપૂર્વક બૉયકોટને વળગી રહેવા ભલામણ કરી હતી. કદાચ ૩૨ કરોડમાંથી ૫૦ હજાર મરી જાય, ૧૦ હજારના માથાં ફુટે, ભલે તે થાય. પરંતુ એ બળીદાનથી, દુશ્મનને અસર કરી, માન સાથે, ગૌરવ સાથે જે સ્વતંત્રતા મળશે તે રહેશે અને સચવાશેજ.

વીઠ્ઠલભાઇ પટેલે તે પછી ભાષણ કર્યું હતું ને તે પછી મીટીંગ બરખાસ્ત કરવામાં આવી હતી.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥

શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

# જૈન સમાજની પરિસ્થિતિ.

જૈન સમાજમાં હાલ ગુંડાશાહીનો જમાનો પ્રવર્તે છે. વ્યાખ્યાનની પાટ ઉપરથી ધર્મ લુંટાઇ જાય છે. ધર્મનો લોપ થાય છે માટે અમે તે રીતે ધર્મનું રક્ષણ કરો. ધર્મનું રક્ષણ કરવાની વાતમાં તો મતભેદ હોઇ શકે નહિ. ધર્મનું રક્ષણ કરતાં અહિંસા ધર્મને વેગળો મુકવાનું કથન શું શાસ્ત્રોક્ત છે? કોઇ પણ ધર્મના મૂળ સિદ્ધાંત આવી ગુંડાશાહી ચલાવવામાં આવે તેને ધર્મ ગણે નહિ. કદાચ કોઇ કોઇ ધર્મના અનુયાયીઓએ ચોક્કસ સમયે મૂળ વસ્તુનું લક્ષ ભૂલી જઇને તલવાર બાજુથી ધર્મ ફેલાવવાના પ્રયાસો કર્યા હોય તેમ અમારા શાસન રસિક બંધુઓ ધર્મનું રક્ષણ કરવા પ્રસંગે ધર્મનુંજ, ધર્મના મૂળ સિદ્ધાંતનું ખુન કરવા તૈયાર થશે તો ધર્મનું રક્ષણ કઇ રીતે થવાનું છે? ગયા રવીવારના ગોડીજીના શ્રીસંઘની મિટિંગ આ હકીકતની તાદશ નમુના રૂપ છે જેમનો તે સંઘમાં હાજર થવાનો બીલકુલ હક ન હોય તેવા માણસોની ટોળી લઇ હાજર થવું પોતાને મનગમતા ઠરાવો ન થાય પોતાના વિચારો ઉપર કોઇ પણ પ્રકારની ટીકા કરવામાં આવે તો ઉશ્કેરાઇ જવું તે શું સાચા જૈનના લક્ષણો છે? શાસન પ્રેમીઓએ સમજવાની જરૂર છે કે ગુંડાશાહીથી ધર્મનું રક્ષણ થવાનું નથી. મિટિંગનું કામકાજ શાંતિથી ચાલવા દેવામાં પ્રમુખની આજ્ઞાને માન્ય રાખવાથી દરેક કાર્ય પસાર થઇ શકે છે. આજે જમણવાર બંધ કરવાના વિચારની ચર્ચા થતી અટકાવવામાં તમો સફળ થયા હશો પણ તેટલેથી જમણવારનું કાર્ય પતી જવાનું નથી. પર્યુષણમાં તમારે આત્મધર્મ આદરવા છે કે જમણવારમાં ગુંડાશાહી ચલાવી સંતોષ માનવો છે? જમણવાર સામુદાયિક છે. સમુદાય જમણવાર જમવા તૈયાર નહિ હોય તો તમો એકલા જમી સમાજની નજરે ચડવાના છો? જૈન સમાજે ગુંડાશાહીના ઉપદેશ આપનારાઓથી ચેતીને ચાલવાની જરૂર છે. મત ગમે તે ધરાવો, તે મત સુખેથી જાહેર કરો પણ તે મત પરાણે બીજા ઉપરે લાદવામાં તમો કોઇ રીતે ફાવી શકવાના નથી. છરીના ઘા વિચારોનો ફેરફાર કરી શકશે નહિ. ઉલટો વિચાર મતભેદ ઉગ્ર બનશે.

# દેવસુર સંઘની સભા.

## શાસનરસીકોની સંઘમાં ગુંડાગીરી.

પવિત્ર પર્યુષણ નિમિત્તે થતાં સાર્વજનિક જમણવારો કરવાં કે નહિ તે માટે વિચાર કરવા શ્રી દેવસુર સંઘની એક સભા તા૦ ૧૦-૮-૩૦ ને રવીવારના રોજ શ્રી ગોડીજી મહારાજની પેઢી પર મળી હતી.

પ્રમુખસ્થાને શ્રીયુત્ મોહનલાલ હેમચંદ જવેરી બીરાજ્યા હતા.

### અશ્લીલ ભાષાના પત્રો.

મીનીટ વંચાયા બાદ રામપાર્ટીના ધર્મિપક્ષના અશ્લીલ ભાષાના પત્રો સંઘની મીટીંગમાં રજુ કરવામાં આવ્યા હતા. ગાળોથી ભરપૂર પત્રો ન વાંચતાં, ટુંક સાર કહેવાની ભલામણ થતાં શાસનપક્ષ મીજાજ ગુમાવી બેઠો.

### ગુંડાગીરી.

પ્રથમથીજ પોતાની બહુમતિ અને દલીલ ન હોવાથી, ગુંડાગીરીપર મુસ્તાક હોવાથી ધાંધલ શરૂ કર્યું. પ્રમુખશ્રી આ ઇરાદો સમજી ગયા. સભા બરખાસ્ત કરી. એટલે આ અહિંસાના કહેવાતા દંભીઓએ મારામારી શરૂ કરી અને સંઘ ફરીથી વિચાર કરવા ન બોલાવી શકાય તે માટે કાયમ ખાતે તે પક્ષ આ ઉપાયનો ઉપયોગ કરે છે. તેમ આ વખતે પણ કર્યો.

### લોહી તરસ્યા.

આ વખતે તો ખાસ કરીને દલીલપૂર્વક અને શાન્તિથી સમજાવી શકનાર શ્રીયુત્ મોતીચંદભાઇ અને શ્રીયત્ પરમાનંદ ભાઇને સખ્ત માર મારવાના ઇરાદાથી એકી સાથે ઓચીંતો ધસારો કર્યો. જો વચ્ચે કોર્ડન કરી બીજા ભાઇઓ આડા ઉભા ન રહ્યા હોત, તો આ રાક્ષસી પ્રવૃત્તિને શાન્ત કરવા જરૂર તે લોકો ઉપરોક્ત ગૃહસ્થોનું લોહી રેડત. કારણ કે તેમના લડવાનો આ ભાઇઓ કટ્ટર વિરોધ કરે છે તે સર્વ વિદીત છે. ઉપરાંત આ ભાઇઓને કુનેહથી સહિસલામત બહાર લઇ જઇ શકયા તે માટે પોતાના શરીરના જોખમે જે ભાઇઓ ઉભા રહ્યા તેમને ખરેખર ધન્યવાદ ઘટે છે. હીરાચંદ છગનલાલને આંખ પાસે સખ્ત ઇજા પણ થઇ છે. શ્રીયુત મણીલાલ મહોકમચંદને પણ માર પડયો છે તથા શ્રીયુત કલ્યાણચંદ કમળસીને પણ ઝપીઓ પડી હતી નગરશેઠના કુટુંબી શ્રી. ચીનુભાઇ ઉપર કેટલાક ધાંધલીઆઓએ ગાળોનો વરસાદ વરસાવ્યો હતો.

### લાઠી મારીને પણ લાડવા જોઇશેજ.

આ પક્ષને દુધપાક, લાડવા, મિષ્ટાનની એટલી તો લત લાગી છે કે "પેન કેન પ્રકારેણ" ધર્મના ઓઠા નીચે, તેમાં ખામી નજ આવવી જોઇએ. તે માટે તેઓ નિરંતર તપાસ રાખે છે. તે માટે મારામારી કરવા તૈયાર. આવી રીતે માર મારીને સંઘમાં સારા માણસો આવતાં અટકે કે ડરથી ટ્રસ્ટી સાહેબો સંઘ નજ બોલાવે તેવી સ્થિતિ ઉત્પન્ન કરવા માગે છે. તેથી સંઘને અમે ચેતવીએ છીએ કે ગુંડાગીરીથી ચેતજો. આ લોકો તો લોહી રેડીને પણ જમણવાર માગે છે. પીકેટીંગ ગોઠવાય તે ભાઇઓ કે બહેનોને પણ સમજવાનું કે આ ધર્મિપક્ષ લોહી રેડીને લાડવા જરૂર જમશે, માટે જાન કુરબાન કરવાની તાકાદ હોય તેમણેજ તૈયાર થવું; કારણ કે અમે તેટલી શાન્તિ રાખશો તો પણ આ લોકો તો ગુંડાગીરી કરેવાના, કરવાના ને કરવાનાજ

તા. ક. મુંબઇ સમાચારનો રીપોર્ટર શાસનપક્ષમાં કોઇને વાગ્યું હોય તેના નામ જણાવશે તોજ રીપોર્ટની સત્યતા [illegible] બાકી સમાજ, સમાચારના રીપોર્ટની કિંમત સારી રીતે સમજે છે.

લી૦, પ્રેક્ષક.

# રાષ્ટ્રધર્મ અને પર્વજમણ.

જમણ જમે તે હેતુએ થતું હોય છતાં સર્વ કોઇ એટલું તો કબુલ કરશે કે એમાં અવશ્ય આનંદનો ધ્વનિ રહેલો છે એ સ્થળ પ્રત્યે નજર ફેંકનાર કોઇ અજાણી વ્યકિત પણ સ્હેજે અનુમાની શકે છે કે 'અહીં આજે કોઇ ખુશાલી નિમિત્તે થતી ઉજવણી છે'. વળી પ્રતિદિન લેતાં ખોરાક અને જમણ વેળા તૈયાર કરવામાં આવતાં મિષ્ટ પદાર્થોની સરખામણી કરવામાં આવે તો આ વાત સરળતાથી સમજી શકાય તેવી છે. આવી સ્પષ્ટ વાતને ધર્મનો ઓપ ચઢાવવાથી એનું મૂળ સ્વરૂપ પલટાવી શકાતું નથી દેશમાં ચાલી રહેલ અહિંસક યુદ્ધ જોતાં, સામાન્ય બુદ્ધિમાન પણ કબુલ કરે કે એ કાળે જમણની વાતો ન શોભે. શકિત હોય તો કેસરિયા કરી નિકળી પડે અને નહિં તો સત્વર વિજય મળે એ સારૂ માળા ફેરવે. જરૂર વિજય પ્રાપ્તિ અર્થે તપ નિયમનું પાલન કરાય. તેમાં પણ પર્યુષણ જેવા પર્વાધિરાજના આગમન કાળે ખાસ કરી અધિક ઉલ્લાસથી તેનું સેવન થાય. ધર્મપ્રેમ ઉપરાંત રાષ્ટ્રપ્રત્યેની ભકિતનો એ અચુક પુરાવો છે. 'ઇચ્છા નિરોધ વૃત્તિ' એનું નામજ તપ છે. તેથીજ એ કરણી પ્રશંસનીય હોવા છતાં આજે એની પછી કે પૂર્વે થતાં જમણ તો નજ શોભે દેશ જ્યારે શોકની ગર્તામાં ડુબ્યો હોય, સંખ્યાબંધ મનુષ્યો, અરે આગેવાન દેશનાયકો, જેલના દુઃખો વેઠી રહ્યા હોય ત્યારે સ્વામીભાઇની ભકિતરૂપે નિમંત્રિત અને કેટલાયે કાળથી ચાલ્યા આવતાં પર્વના જમણો પણ 'આપદ્ધર્મ' તરિકે બંધ કરવાજ જોઇએ. તપ, કરણી આત્મિક ભાવપર અવલંબે છે. સઘળા જમણ જમનારે તપ કરે છે એવું કંઇજ નથી; અને જો જમણ જમાય તોજ તપ થાય એવું માનીએ તો પ્રભુ કથિત તપનું મહાત્મ્ય સાવ ધોવાઇ જાય છે. જમણ લાલચનું સાધન બને છે, એટલે લાલચથી થતી ક્રિયાને શુદ્ધ તપ નજ કહેવાય. વળી મીષ્ટાન્ન કરતાં સાદો આહાર વધુ સાત્વિક હોવાથી પ્રમાદ લાવનાર ન બનતાં બલ્કે આવશ્યકાદિ ક્રિયામાં સારી ઉજમાળતા આણનાર છે. આ વેળા આકસ્માતિક પ્રસંગ પ્રાપ્ત થયો છે. તો અપવાદ કરવા જેવું છે. સ્વામી વાત્સલ્ય ભકિત અને કાયમ આદિ શબ્દોને નામે જે દલીલો થાય છે તે પોકળ ને હસવા જેવી છે. સ્વામિભાઇનું વાત્સલ્ય કે ભકિત અવશ્ય જરૂરના છે. પણ મોટો ભાગ એની પ્રચ્છા કરતો હોય તોજ. જે કાળે યુવાન વર્ગ દેશ સેવામાં લયલીન બન્યો હોય અને રહ્યાસહ્યા પણ જમણનો નિષેધ કરતો હોય ત્યારે તો તેને ખેંચતાણ કરી ન કરવા ઘટે. વર્ષોવર્ષથી થતાં કાર્યો પણ રાજાદિના શોક પ્રસંગે વા દુકાળ જેવા દુઃખદ સમયે શું બંધ નથી રાખવા પડતા? એક ખુણેથી દલીલ થાય છે કે મોટા વ્યાખ્યાન રહ્યા એટલે સ્ત્રીઓને રાંધવાનું ઘેર હોય તો વ્યાખ્યાન સંભળાય નહિં. આ હસવા લાયક વાત છે કે બીજું કંઈ? શોકવાળી સ્ત્રીઓ શું વેળાસર રાંધી વ્યાખ્યાન નહીં સાંભળતી હોય! મોટા વ્યાખ્યાનના ચાર દિવસોમાં જમણ તો માત્ર એકજ આવે છે ને! બીજા ત્રણ દિવસે તો માથાકુટ ખરીજ ને! આમ છતાં એ દલીલ નારીવર્ગ તરફથી નથી; પણ કહેવાતા શાસન પ્રેમી બંધુઓની છે. શત્રુંજયના યાત્રા ત્યાગનો કિસ્સો સામે હોવા છતાં એમની જોવાની દ્રષ્ટિ ઉલટા પ્રકારની હોવાથી એમાંના એક ભાઇ તો એટલે સુધી દલીલ કરે છે કે—"જો યાત્રાળુ જતાં હોત તો કાયમ અપાતા ભાતામાંથી જરૂર ભાતુ તેમને મળ્યું હોત'. આ ભાઇ માને છે કે 'કાયમ'નો અર્થ કોઇ વાર બંધ રહી શકે નહિં તેવું; યાત્રા ત્યાગ વેળા સંઘની આજ્ઞાનો અનાદર કરી, બે પાંચ ભાઇઓ ગયેલા છતાં એમને ભાતુ અપાયું નથી. તળેટીજ બંધ હતી ત્યાં ભાતુ કેવુ? આ ઉપરથી સાર તો એ લેવાનો છે કે સંઘને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ યાને દેશકાળ જોઇ મૂળ આશયને જરા પણ ક્ષતિ પહોંચાડયા વગર ચાલુ પ્રથામાં ઘટતો ફેરફાર કરવાનો હક છેજ. આ સંબંધમાં ઝાઝું લંબાણ ન કરતાં એટલુંજ કહી દેવું ઠીક પડશે કે જેઓને ધર્મના કે પર્વના નિમિત્તે જમવુંજ છે તેઓ ભલે જમે, પણ એ જમણમાં મિષ્ટાન્ન નજ શોભે. દાળભાત જેવો સાદો ખોરાક હોવો જોઇએ. નજર સામે ચાલતાં લાઠીરાજ વેળા કોઇ પણ પ્રકારે સામુદાયિક જમણો તો નજ શોભે. 'જમણ' નામજ એવું છે કે કષ્ટ કે દુઃખ વેળા એની સ્મૃતિ અસ્થાને છે. જ્યારે દેશ દેશાવરના સંઘો આ વેળા જમણ બંધ રાખવા સંબંધી ઠરાવો કરી રહ્યા છે ત્યારે મુંબઇ કે જે સંગ્રામ ક્ષેત્ર છે તે જરૂર ઉચિત પગલું ભરશે. સુજ્ઞેષુ કિં બહુના!

લી૦, સુમન.

# "ખંભાતના જૈન સંઘનો ઠરાવ."

## એ હડહડતા જુઠાણાનો ખુલાસો.

તા. ૪-૮-૧૯૩૦ ના જાહેર પત્રોમાં "ખંભાતના જૈન સંઘનો ઠરાવ" એ મથાળા નીચે રાષ્ટ્રપતિ શ્રી. વલ્લભભાઇ પટેલના અમદાવાદના ભાષણ સામે જે પ્રકારનું લખાણ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે, તે તદ્દન ગેરરસ્તે દોરવનારૂં છે. અને તેથી અમોને ખાત્રીવાળા માણસો મારફતે તપાસ કરાવતાં જે હકીકત મળી છે, તે નીચે રજુ કરીએ છીએ:—

"જૈન શાળામાં સભા જેવું કંઇ મળ્યુંજ ન હતું. પણ રોજના નિયમ પ્રમાણે સ્હવારના વ્યાખ્યાન સમયે શાસન રસીક સોસાયટી કે જે રામવિજય અને શ્રી. સાગરજી મહારાજના ભકતોની બનેલી છે. તેમાંના એક ભાઇએ ઉભા થઇ કહ્યું કે: "વલ્લભભાઇએ જે ભાષણ કર્યું છે તે બાબત તેમને પુછાવી ખુલાસો મેળવવો" અને આ કહેવાતા ઠરાવને બીજા ભાઇએ ટેકો આપ્યો. અને શ્રી. સાગરજી મહારાજે 'સર્વ મંગળ માંગલ્ય' કહી વ્યાખ્યાન સમાપ્ત કર્યું."

વીસમી સદીનો કયો સમજુ માણસ આને સભા કે સંઘનો ઠરાવ કહેવા તૈયાર થશે? ના મળે સભા બોલાવવાની રીતસરની જાહેરાત, ના મળે સભામાં પ્રમુખ, ન લેવાય સભ્યોના મત!!! આચાર્યોની પરંપરાજને?!

અને જ્યાં ઠરાવનુંજ ઠેકાણું નથી, ત્યાં જાહેર પત્રોમાં આવેલા લેખમાં તો છપાવવામાં આવ્યું છે કે: "બ્હિષ્કારનાં પગલાં લેવામાં આવશે." આવી ધમકી આપવી એ કેવળ ગુંડે ઉશ્કેરવાથી વિશેષ શું છે?

બાકી સંઘના નામે કંઇ પણ ઠરાવ ન કરવાની જાહેર સુચના 'સંઘ સેવકો'ના નામે હેન્ડબીલ દ્વારા અગાઉથી અપાએલીજ હતી

આ ઉપરથી જાહેર જનતા જાહેર પત્રોમાં આવેલા એ કહેવાતા ઠરાવનું કેટલું મહત્વ છે. તે સારી રીતે સમજી શકશે. અસ્તુ.

લી૦,

ઠાકોરદાસ પી૦ શાહ

વાડીલાલ આ૦ શાહ

શકરાભાઇ ગાં૦ ચોકસી

સં. મંત્રીઓ: શ્રી ખંભાત જૈન મંડળ–મુંબઇ

# પર્યુષણ કેમ પાળશો !

આપણે પર્યુષણ પર્વ ઘણાજ અનાદિ કાળથી મનાવતા આવ્યા છીએ. વખત અનુસાર આપણા પૂર્વાચાર્યોએ કેટલાય ફેરફારો કર્યા હશે. અત્યારે પણ આપણે તેમાં કેટલાય ફેરફાર કરી મુકીએ તેમ છીએ.

સાંપ્રત કાળે પર્યુષણનો અર્થ, પાખી પાળવાને નોકારસી જમાડવામાંજ થઇ ગયો છે. ખરી રીતે—

પર્યુષણ એટલે શ્રાવકોના પવિત્ર દિવસ.

પર્યુષણ એટલે પાંચ પ્રકારના પાપ છોડવાના દિવસ.

પંચ દુષણ ત્યાગ કરી, ધર્મસેવન કરવું, તેનું નામજ પર્યુષણ.

પર્યુષણ પાળવાથી વરસ ભરમાં કરેલાં પાપ નાશ થાય છે.

શ્રાવકનો પુત્ર પર્યુષણનો અર્થ ન જાણે એ બનેજ નહિ.

પર્યુષણ એટલે શ્રાવકનો મહિમા.

પર્યુષણ એટલે શ્રાવક ધર્મધ્વજ.

પર્યુષણ એટલે શાંતિ, સંયમ, ક્ષમા અને દાન.

પર્યુષણ તો વ્રત-નિયમથીજ શોભે.

પર્યુષણમાં ધર્મસેવન એજ મુખ્ય કર્તવ્ય હોય.

શીલ ભંગ તો પર્યુષણમાં સ્વપ્નાન્તે ન થાય.

પર્યુષણ એટલે પર્વનો સાગર.

હિંસા, અસત્ય, ચોરી અને અબ્રહ્મનો ત્યાગ કર્યા વિના શ્રાવક ન હોય.

અહિંસા ધર્મ એજ જૈન ધર્મ છે.

જૈનત્વહીન પણ શ્રીમંત કે ધીમંત હોય છતાં શ્રાવક તેને કદી ન પૂજે.

અંદરો અંદરના ઝઘડા પર્યુષણમાંજ પતાવાય.

કુટુંબ કલેશ પણ પર્યુષણમાં નાશ પામે.

એકજ પિતાના પુત્રો જેવા દિગંબર અને શ્વેતાંબર ભાઇઓશાથી કેમ ન વર્તે ?

તીર્થોના નામે ઝઘડા કરવા તે પાપ નહિ તો બીજું શું ગણાય ?

જે તીર્થ પ્રાણીમાત્રની માલેકીનાં ગણાય, તેના માટે શ્વેતાંબર કે દિગંબર હક કરી ઝઘડા કરે તો તે મુર્ખાઇ નહિ તો બીજું શું ગણાય ?

તીર્થસ્થાન તેજ રહે છે, વધે છે નાહક કલેશ. જૈન હોય તે કલેશ કરેજ નહિ, કલેશ કરે તે જૈન કહેવાયજ નહિ.

તીર્થસ્થાનોના ઝઘડા મુનિરાજો ન પતાવે તો તેનું મુનિ પદ શોભે નહિ. મુનિથી ઝઘડાવાળું વાતાવરણ ફેલાવાયજ નહિ.

મુનિરાજોના પાદ સંચાર અને ઉપદેશોથી શ્રાવકો સમ્યકત્વવાન ન બને. અન્ય ધર્મિ જૈન ન થાય, તો પછી તે મુનિરાજોના ભ્રમણનું તાત્પર્ય શું ?

પર્યુષણના નિમીત્તે પણ મુનિરાજો ઝઘડાનો અંત આણે તો તેમનો આત્મા વધુ નિર્મળ થાય.

યુવાન કે વૃધ્ધ, બાળક કે સ્ત્રી, મુનિરાજ કે પંડિત તમામ જૈનત્વને માનનારા છે. નહિ કે કુક્ષત્વને.

જૈનત્વ ત્યારેજ કહેવાય કે ઝઘડા ન થાય.

ચાલુ કાળે જૈન સમાજ અંદર અને બહાર ઝઘડાથી ભરેલો છે. બીજા સમાજવાળા જૈનોના અંદર અંદરના ઝઘડા જોઇ કુતુહલભરી નજરે નિહાળી હસે છે કે ક્રોધ-માન-માયા-લોભ પર જીત મેળવનાર જૈનો તીર્થના બહાના હેઠળ લઢી મરે છે.

ચાલુ કાળે દુનિઆ પર કોઇ એવો ધર્મ નથી કે જેમાં એકજ પરમાત્માના ઉપાસકો તેજ પરમાત્માની પ્રતિમા ઉપરના હક માટે પાર્લામેન્ટ સુધી લડતો હોય.

જૈનો જાગો, તમારા મહાવીર પિતાના નામને ખાતર, તમારા પાયમાલ થતા સમાજને ખાતર, તમારાં ભાવિ સંતાનોના સુખને ખાતર, તમારા મુનિરાજોની ચારિત્ર વૃત્તિ પોષવાને ખાતર એક થાઓ, એક થાઓ.

તમારાં તીર્થસ્થાનો ઝઘડા ઉત્પન્ન કરતાં હોય તો હાલ થોડો વખત તે ઝઘડાને દૂર કરો અને એક થઇ દેશના ઉદ્ધારના યજ્ઞમાં ફાળો આપો. મહાત્મા ગાંધી જેવા મહાપુરૂષોએ સ્વરાજ્ય પ્રાપ્તિ માટે જે માર્ગ ગ્રહણ કર્યો છે તેમાં સંપૂર્ણ સાથ દો.

અસહકાર જૈનત્વથી ભરેલો છે.

જૈનત્વ અસહકારથી ઓતપ્રોત છે.

જગતમાં અહિંસા પરમો ધર્મઃનો પ્રચાર કરવાને ખાતર-તમારા દેશને ગુલામીમાંથી મુક્ત કરવાને ખાતર-તમે એક થાઓ.

હિંદુ અને મુસલમાન જેવી કટ્ટર ધર્મ વિરોધી કોમો જ્યારે દેશને માટે એક સાથે વર્તે છે ત્યારે તમો જૈનો શું દિગંબર કે શ્વેતાંબરના કાલ્પનિક છત્ર નીચે દબાએલા રહેશો.

કુસંપના કુંડાળામાં ભરાઇ રહી, શું તમારી વણીક બુદ્ધિ પર પાણી ફેરવશો ?

જૈનો યાદ રાખજો. આજે તમે જરા પણ ચુકયા, તો પછી તમારા માટે ઉંડામાં ઉંડી ખાઇ ખુલ્લી રહેવાને તૈયાર છે.

કાં તો ઐક્યતાથી એકઠા સ્વરાજ્યની લડતમાં સાથ આપો કે પછી તમારા બાપદાદાએ નહિ ખોદેલું એવું કુસંપનું તળાવ ખોદી તેમાં ડુબી મરો.

તમારા અંતરાત્માને ખુબ વિચાર પૂર્વક પુછી પછીજ પગલું ભરજો.

આજે પર્યુષણના પવિત્ર દિવસોમાં આપ ધંધાથી રહિત છો. ઉપાધીઓથી વેગળા છો-ધર્મસ્થાનમાં બેઠેલા છો-તમો તમારી ડાહી બુદ્ધિનો ઉપયોગ, તમારામાંના કલેશને બાળવાના કામમાં ખર્ચો. આજે એવી પ્રતિજ્ઞા લ્યો કે હવેથી હમે હમારા દેશને ખાતર-હમારા સમાજને સુવ્યવસ્થિત બનાવવાને ખાતર-હમારાં તીર્થસ્થાનો માટે અંદરો અંદર કદાપી લઢીશું નહિ.

આજના પવિત્ર દિવસે પરમાત્મા તમોને એકત્ર થવાની સન્મતિ આપે, એજ અંતરેચ્છા છે.

જ્યારે જૈન માત્ર એકજ ઝંડા નીચે એકત્ર થશે, ત્યારેજ જૈન ધર્મ વિશ્વવ્યાપી બનશે.

મોહનલાલ મથુરદાસ શાહ કાણીસાકર.

કમ્પાલા-(યુગાન્ડા)

આ પત્રિકા અંબાલાલ ભાર પટેલે "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસજીદ બંદર રોડ, માંડવી, મુંબઇ નાં. ૩ મધે છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નાં. ૨ મધેથી પ્રસિદ્ધ કરી છે.

સ્વામી વાત્સલ્ય એટલે જમણ?    યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. અંક ૩૪ મો. | સંવત ૧૯૮૬ ના શ્રાવણ વદી ૯. તા૦ ૧૮-૮-૩૦ | છુટક નકલ: ૦II આનો.

## જમણવાર કરવા હમણાં ન શોભે!

### પર્યુષણપર્વ હમણાં આવી રહ્યું છે, પણ તેમાંયે "સાહમિવચ્છળ" ન કરાય!

દરેક ભાઈ-બ્હેનનું ધ્યાન ખેંચું છું કે વર્તમાન પરિસ્થિતિ જોતાં હાલનો વખત સામુદાયિક જમણવારો કરવા માટે ઉપયુક્ત નથી. હાલમાં દેશ ઉપર મ્હોટી આપત્તિ છે. જોરશોરથી ધર્મયુદ્ધ ચાલી રહ્યું છે. અહિંસા અને સત્યના પાયાપર, દેશના કરોડો ગરીબોના ઉદ્ધારનો આ સંગ્રામ ઉભો થયો છે. એટલા માટે આ ધર્મયુદ્ધ છે. આપણે બધા જોઇ રહ્યા છીએ કે, દેશના અહિંસક સૈનિકો જેમ જેમ શાંતિ કેળવી રહ્યા છે અને ક્ષમાપૂર્વક પોતાના સત્યાગ્રહને આગળ ધપાવી રહ્યા છે, તેમ તેમ સરકારની દમનનીતિ ઘણા જોરથી ફાટી નીકળી છે અને આખા દેશમાં પ્રજા ઉપર ભયંકર મારો ચાલી રહ્યો છે. હજારો દેશનેતાઓ, હજારો ભદ્ર પુરૂષો અને હજારો સ્વયંસેવકો આજે દેશની ભલાઈ માટે કામ કરતા જતાં કારાવાસમાં નંખાયા છે. હજારો દેશભક્તો અને સ્વયંસેવકો પોલિસના લાઠીના મારથી અને શસ્ત્રપ્રહારથી ઘાયલ થઇ હોસ્પીટલમાં પડ્યા છે. અનેકના જીવ ગયા છે. નિઃશસ્ત્ર અને શાંત બાળકો જે "પ્રભુનાં પ્યારાં અને વ્હાલાં" ગણાય, તેમની ઉપર પણ પોલિસની સોટીઓ પડે છે. દેશભક્તિના ઉભરાથી દેશનું હિતકાર્ય કરવા બહાર પડેલી સ્ત્રીઓને પણ આ સરકારના કર્મચારીઓ ભાન ભુલીને જેલમાં મોકલતા અચકાતા નથી; અને તેમને પણ હેરાન કરે છે. આવો કરૂણ અત્યાચાર દેશભરમાં ચાલી રહ્યો છે. આજે દેશ ઘણી ભીડમાં આવી પડ્યો છે. દેશની આઝાદી માટે પુરૂષો અને સ્ત્રીઓ મરણીયા થઇ ઝુઝી પડ્યાં છે વેપારીઓ વેપાર, ખેડુતો ખેતી અને વિદ્યાર્થીઓ વિદ્યાભ્યાસ છોડી રહ્યા છે. આવા દારૂણ સમયમાં દેશની કોઈ પણ કોમ, જો તેનામાં સમજણ હોય તો વ્યાવહારિક કે ધાર્મિક કોઇ પણ જાતના જમણવાર ન કરે. "શોક" હોય તો તમે જમણ કરતા નથી અને જમવા જતા નથી, તો આ દેશનો પ્રસંગ એ શોકથી હજાર ગણો શોક જેવો છે. આજે તો આખા દેશપર એક પ્રકારનું ભયંકર વાદળ ઘેરાયલું છે, તો પછી જમણવાર કેમ થાય? આપણા મહાન્ દેશબન્ધુઓ આપણા કાજે જેલની યન્ત્રણાઓ ભોગવે અને જેલનો કાંકરી તથા સીમીટવાળો ભદ્દો ખોરાક તેમને આરોગવો પડે, અને આપણે જમણવારો કરી આનન્દ ઉડાવીએ એ કેટલું શરમભર્યું છે? એમ કરવામાં ખરેખર આપણી નિષ્ઠુરતાનું, આપણી હૃદયહીનતાનું અને આપણા દેશદ્રોહનું પ્રદર્શન ખુલ્લું થાય છે. જ્યાં પાડોશી સાથે પણ એ મિત્રતા, સભ્યતા અને ઉચિત વ્યવહાર ન બતાવીએ તો માનવતાનું હનન થાય છે, ત્યાં પછી દેશની સાથે સહાનુભૂતિ બતાવવા બાબત તો શું કહેવાનુંજ હોય

જૈનો "સાહમિવચ્છળ" ગણાતા જમણવારને ધાર્મિક માને છે. પણ તે દરેક ટાઇમે કરવા જોઇએ એવો કંઇ નિયમ નથી, અને શાસ્ત્રનું પણ એવું ફરમાન નથી. એ વાતની દરેક ભાઈ-બ્હેનોને ખાત્રી આપું છું જૈનધર્મ એકાન્તવાદી નથી. કોઇ ધર્મવ્યવહારનું કામ પણ સમય અને સંજોગો વિચારીને કરવું ઉચિત ગણાય. દાખલા તરીકે, દેરાસર પવિત્ર અને મંગળમય છે અને તે બંધાવવું શ્રેયસ્કર છે, પણ જ્યાં એક દેરાસર પણ બરાબર ન સચવાતું હોય, અગર જ્યાં દેરાસરો પુષ્કળ પ્રમાણમાં હોઇ તેની જરૂરત ન હોય ત્યાં જો બીજું દેરાસર બંધાવવાની કોઇ વાત કરે તો એને કોઇ પણ વ્યાજબી ન ગણે. એ સિવાય, શત્રુંજયનો દાખલો પણ આપણી સામે મોજુદ છે. શત્રુંજય એ પરમ પવિત્ર તીર્થ, તેની યાત્રાને સહુ અનુમોદે; કોઇ ન અટકાવે. પણ એક વખત એવોજ હમણાં આપણી પાસેથી પસાર થઇ ગયો કે જ્યારે તે તીર્થની યાત્રાને અટકાવવાનુંજ, તેનો ત્યાગ કરવાનુંજ શ્રીસંઘને ઉચિત જણાયું હતું. અને શ્રીસંઘે તેવું ફરમાન કાઢ્યું હતું. અને એમાં પુણ્ય મનાયું હતું. યાત્રાની પ્રતિજ્ઞાવાળાઓને પણ તે ટાઇમે યાત્રા નહિ કરવામાંજ ઔચિત્ય અને લાભ તથા પુણ્ય સમજાયાં હતાં. આ શું! સમયનીજ બલિહારી કે! તે પ્રમાણે આજે પણ જ્યારે દેશ પર એક પ્રકારની ગંભીર આફત આવી પડી છે ત્યારે દેશની કોઇપણ કોમને માટે જમણવાર ઉજવવા વ્યાજબી નથી. જૈનો પણ સમજી જાય, અને દેશની તરફ પોતાની સહાનુભૂતિ બતાવવાનો ધર્મ વિચારીને હમણાં કોઇપણ પ્રકારના જમણવારો ન કરે. તેમની ધાર્મિક વિશાલતા ઉદારદૃષ્ટિ આ વખતે પરખાશે. જો તેઓ દેશની પ્રત્યે પોતાનો શિષ્ટ વ્યવહાર ભુલી જશે અને નોકારસી-સાહમિવચ્છળ કે બીજા પ્રકારનાં કોઇ જમણો ઉડાવવા તૈયાર થશે તો તેમના ધર્મને લાંછન લાગશે અને દેશની જાહેર જનતા તેમના પર ફીટકાર વરસાવશે.

આજે જ્યારે આખા દેશ પર વિપત્તિનાં, અત્યાચારોનાં વાદળ ઘેરાયલાં હોય, આખા દેશ પર આફતની નોબતો ગડગડતી હોય અને મહાત્મા, સત્પુરૂષો અને સન્નારીઓ કારાવાસની વિડમ્બનાઓ ભોગવી રહ્યા હોય તો એવી દેશની ગંભીર પરિસ્થિતિમાં, દેશની ગમગીની અવસ્થામાં કોઇપણ જાતના જમણવારો કરવા એ દેશની પવિત્ર ચળવળ સામે નિષ્ઠુર અટ્ટહાસ કરવા જેવું નીચ અને અધમ કૃત્ય ગણાય. જુદા જુદા સ્થળે અનેક ન્હાની-મ્હોટી કોમોમાં અને અનેક અન્ય ધર્મ સંસ્થાઓમાં તથા બીજા શહેર-ગામોની જૈન કોમમાં જમણવાર બંધ કરી દેવાયા છે ત્યારે જરૂર આશા રાખીએ કે, સુરતના જૈન બન્ધુઓ પણ આ ટાણે સમજી જાય, પોતાનો દેશધર્મ બજાવે અને શાસનની શોભા વધારે. વિશેષ શું!

શ્રાવણ વદિ ૬ મંગળવાર
તા૦ ૧૨-૮-૩૦
સુરત, (નવાપુરા).

લી૦
શ્રી શ્રમણસંઘનો ચરણોપાસક,
ન્યાયવિજય.

# મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

पक्षपातो न मे-वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥
શ્રીમદ્ હરિભદ્રસૂરિ.


## સ્વામી વાત્સલ્ય એટલે જમણ?

પર્યુષણના જમણો જમવા સંબંધે કહેવાતા શાસનપ્રેમી વર્ગ તરફથી જે દલીલો કરવામાં આવે છે તે સાંભળી વિચારક હૃદયને અવશ્ય ક્ષોભ થાય તેવું છે જાણે સ્વામીવાત્સલ્યની વ્યાખ્યા ગમે તે પ્રકારે કરવામાં આવતાં આવા જમણોમાંજ ન સમાઇ જતી હોય! સમાનધર્મી બંધવોનું ભોજન માત્રથીજ નહિં પણ વસ્ત્રાદિ અન્ય સર્વ પ્રકારે સન્માન બહુમાનપૂર્વક કરવું એનું નામ સ્વામીવાત્સલ્ય છે. કેવળ એક ટંકના જમણમાં હજારો ખરચી સ્વધર્મી ભાઈઓમાંના ઘણાની બીજા દિવસ માટે શું ચિંતા છે, કિંવા તેઓ કેવા પ્રકારે સ્વજીવન નિર્વાહ ચલાવે છે, એ સંબંધમાં રંચમાત્ર ધ્યાન ન ધરાતો હોય; વળી જમનાર ને જમાડનાર ઉભય જાળવવી જોઇતી જયણા સંબંધના વિવેકથી પરાઙ્મુખ હોય, એવા જમણને ભલે આજે વીસમી સદીમાં 'સ્વામીવાત્સલ્ય'નું બિરૂદ પ્રાપ્ત થતું હોય, છતાં એ પ્રભુશ્રી વીરના ઘરનું સ્વામીવાત્સલ્ય તો નથીજ, એમ બાંગપોકાર જાહેર કરવું પડે છે. આજના આપણા આ જમણો જોનાર અન્ય ધર્મીઓ પણ એની ધમાલ, ગંદવાડ અને એંઠવાડ આદિ માટે ટેકડી કરે છે, ત્યાં સાચા જૈનને અહિંસાનું કેટલું ખુન થાય છે એ સહજ સમજાય તેવું છે. આ હાલતના આપણા જમણોને આજે દેશની ભીષણ સંકટ પળે સ્વામીવાત્સલ્યને નામે, અરે ધર્મનો સ્વાંગ સજાવી ધપાવે રાખવા સારૂ ઉપાશ્રય જેવા પવિત્ર સ્થાનમાં દેવના છત્ર હેઠળ ને ગુરૂની મૂર્તિ સન્મુખ ગુંડાશાહી ચલાવીએ છીએ એ શું આપણને છાજે છે!

પર્વના પૈસા એક સજ્જનને મુકયા એટલે જમવુંજ જમવું એ તે કેવી બુદ્ધિમત્તા! શું દેશ-કાળ તરફ ધ્યાન ન આપવું એનું નામ ધર્મીપણું! શું પર્વની કરણીઓ (તપ આવશ્યક) માત્ર આગળ પાછળ જમવા સારૂજ કરાય છે કે? તે વિના 'શાસનપ્રેમીઓ' દેવસુર સંઘની સભામાં મન ગમતી દલીલો કરે! તેમના હિસાબે જો જમણ બંધ રહ્યા તો તપ કરનારા સાથે અટકી જવાના ને નારી જાતથી વ્યાખ્યાન શ્રવણનો લાભ નહિં લેવાવાનો એવો ખાસ બાઉ ધરાવલો! વાસના, લાલસા અને રસના ઇંદ્રિયની વૃત્તિઓ પર કાબુ મેલવા રૂપ તપની ક્રિયા કયાં અને આ ભાઇઓની જમણ સંબંધી ઇચ્છા કયાં? ઉભય વચ્ચેનું અંતર મેરૂને સર્ષપ જેવું છે. તપાદિ કરણી કેવળ કર્મની નિર્જરા અર્થે કરવાની છે અને 'ભાવના' પર તેનો મુખ્ય આધાર છે. એવો ઉત્તમ તપ જો કેવળ સારા પદાર્થો ખાઇને કરાતો હોય અને પારણા દિને સારૂ જમવાની અભિલાષા રહેતી હોય, તો પછી એમાં વૃત્તિઓ પરનો કાબુ કયાં રહ્યો! ઇચ્છા નિરોધપણું કયાંથી સંભવે? 'તપ' રૂપ તાપથી કર્મદહન કરવાની શુભ ભાવનાવાળાને જમણ સંબંધી વિચાર પણ શાનો સંભવે! ભાગ્યમાં જે આવ્યું એથી એ સંતોષાય. અતરવાયણા ને પારણાના વમળમાં એનું મન ગોથાં નજ ખાય. એ સાચો તપસ્વી હોય. એક કાળે તપસ્વીને ભોજન કરાવી ભક્તિ દ્વારા સ્વકર્મ નિર્જરા કરવા અર્થે આવા જમણની શરૂઆત થઇ હશે. પણ આજે તો તે અમરપટા બની ગયા. જમનારનો મોટો વર્ગ જમવા અનિચ્છુક હોય છતાં એ જમણ તો થવાજ જોઇએ. ધર્મનું અસ્તિત્વ જમણ કરવામાંજ! 'અણાહારી' પદની માગણી કરનારા આપણે કેમ જાણે એ આહાર—એ મિષ્ટાન્ન—નો પલ્લો મુકવાજ ન માંગતા હોઇએ! આવી મનોદશા એ ખરા જૈનત્વની નિશાની નથીજ. આમાંથી સત્વર આપણે છુટવું જોઇએ. પ્રસંગે ભલે જમીએ પણ એમાં આટલી હદે વૃદ્ધિ ન ઘટે. સ્વામિ ભક્તિ કરવી હોય તો મંત્રીશ્વર વસ્તુપાળ જેવો વિવેક જોઇએ. બાકી ચાલ્યુ આવે છે તેમ ચલાવે રાખવામાં તો હાથમાંથી તત્વ સરી પડી કેવળ ખોખું રહેવા જેવું થયું છે. નફા ટોટાનો હિસાબ અહર્નિશ મુકનાર સમાજને આવો પ્રમાદ નજ શોભે. વધુ નહિં તો એટલું તો સમજવું જોઇએ કે આત્મપ્રગતિમાં—એ નિમિત્તની ધર્મક્રિયામાં નિવૃત્તિ—સમતા—શાંતિ આદિનેજ સ્થાન છે. જમણ આદિ કંઇક અંશે સાધનરૂપ ભલે હોય!

## ખંભાતમાં સકળ જૈન સંઘની સભા.

તા૦ ૬-૮-૩૦ બુધવાર રાતના આઠ વાગે શેઠ અંબાલાલ પાનાચંદની ધર્મશાળામાં ખંભાતની પાંચે જ્ઞાતિના જૈન ભાઇઓની સભા મળી હતી. પ્રમુખસ્થાન શેઠ વાડીલાલ છોટાલાલ પરિખને આપવામાં આવ્યું હતું. ઘટતા વિવેચન બાદ નીચે મુજબ બે ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા.

**ઠરાવ ૧ લો:** તા૦ ૫-૮-૩૦ ના મુંબાઇ સમાચારમાં ખંભાત જૈન સંઘના નામે રાષ્ટ્રપતિ સરદાર વલ્લભભાઇના સામે જે ઠરાવ કરવામાં આવ્યો છે તે બાબતમાં આજની પાંચે ન્યાતના ગૃહસ્થોની મળેલી આ જાહેર સભા ઠરાવ કરે છે કે તે ઠરાવ અમોએ કર્યો નથી તેમ અમો તેને સંમત નથી.

**ઠરાવ ૨ જો:** શેઠ કસ્તુરભાઇ અમરચંદની સહીથી છપાયેલા શેઠ ભકુભાઇ મણીલાલના માનપત્રમાં 'શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ' અને 'શ્રી જૈન યુવક સંઘ' ઉપર જે ટીકા કરવામાં આવી છે તે સામે આ સભા પોતાનો સખત તિરસ્કાર જાહેર કરે છે અને ઉક્ત સંસ્થાઓમાં પોતાનો પૂર્ણ વિશ્વાસ જાહેર કરે છે.

# આઝાદીના વાતાવરણમાં પસાર થતાં પર્યુષણ પર્વ.

(લેખક: શા. મહાસુખભાઇ ચુનીલાલ-વીસનગર.)

આ સાલનાં આપણાં જૈનોનાં પર્યુષણ પર્વ હિંદમાતાને આઝાદી યાને સ્વતંત્રતા પ્રાપ્ત કરાવવાના રસાકસીભરેલા વાતાવરણમાંથી પસાર થાય છે. પર્યુષણ શબ્દનો અર્થ પરિ + ઉષણ = સર્વથા દેહનું દમન કરવું એ છે. તે માટે આઠ દિવસો નક્કી કરવામાં આવ્યા છે. આ ઉપરથી સ્હેજે સમજી શકાય તેમ છે કે બાર માસમાં મન, વચન અને કાયામાં અશુચી અને મલીનતા ભરાઇ રહી હોય તેને આઠ દિવસોમાં બાળી ભસ્મીભૂત કરી આત્માને શુદ્ધ બનાવી દેવો જોઇએ. આ પર્યુષણ પર્વનો ઉદ્દેશ. આ ઉદ્દેશ બર લાવવામાં હાલમાં ચાલતું આઝાદીનું વાતાવરણ પણ જૈનોને ઘણુંજ ઉપયોગી છે અને તેમાંથી ઘણોજ બોધ મળી આવે છે.

આ વાતાવરણ દેહદમનનું તંત્ર ચલાવી રહ્યું છે વિપ્લવ અને ક્રાંતિના દિવસનો અરૂણોદય આ પ્રમાણેજ થાય છે. સૂર્યોદયની હજુ વાર છે. હાલ તો અરૂણોદયની જાગૃતિ જોવામાં આવે છે. આ જાગૃતિ ભાવિ સમયનું ભાન કરાવે છે. આવી જાગૃતિ પર્યુષણ પર્વને પુષ્ટિ આપી રહી છે. જૈનધર્મના અહિંસાના તત્વોને પ્રકાશમાં લાવી રહી છે, અને સર્વ પ્રકારે દેહદમન કરવાનાં સિધ્ધાંતોને સમજાવી રહી છે. એટલે જૈનોએ તો આ આઝાદીના વાતાવરણને ખુબ વધાવી લેવું જોઇએ. કોઇપણ દેશ પરતંત્રતાની બેડીમાં જકડાયેલ રહેવા ઇચ્છતો નથી. આપણો આત્મા પણ કર્મની બેડીમાંથી મુક્ત થવા માગે છે, પણ તે બધું પ્રાપ્ત કરવાનું કામ હિંસા રહિત હોવું જોઇએ. આ આઝાદીની લડાઇમાં તેવું છે. પંચે મહાવ્રતો તેમાં સમાય છે. આ લડાઇમાં માર ખાવાનો—નહીં કે માર મારવાનો—ઉપદેશ દેવામાં આવે છે. આથી પ્રાણાતિપાત વીરમણું-વ્રતનું પાલન થાય છે. સંપૂર્ણ રીતે અહિંસા સચવાય છે. સત્યાગ્રહી બની સત્યની ટેક જાળવવા કોરટમાં ખોટા બચાવ નહીં કરતાં સત્ય વસ્તુ કહી શીક્ષાનો હુકમ માથે ઉઠાવી જેલને વધાવી લેવામાં આવે છે. આ મૃષાવાદ વીરમણું વ્રત અને દેહદમન શક્તિની કસોટી છે. અદત્તાદાન અને સંયમ તો આમાં સમાયેલાંજ છે. પરિગ્રહનો ત્યાગ તો ડગલે ને પગલે જોઇ રહ્યા છીએ. આઝાદીની પ્રવૃત્તિમાં જોડાયેલા તરફ નજર કરો. એક વખત વિદેશી કાપડથી પુર ભપકામાં સજ્જ થયેલી વ્યક્તિઓ આજે સાદા સ્વદેશી પોશાકમાં આનંદ અને સંતોષ માની વૈભવને ઠોકરે મારી આઝાદીની લડાઇમાં જોડાઇ રહી છે. આવા પરિગ્રહના ત્યાગમાં પણ "અહીંસા પરમોધર્મ" એ સિદ્ધાંત આડકતરી રીતે સારી રીતે સેવાઇ રહ્યો છે આ તમામ પ્રવૃત્તિઓનું અવલોકન કરતાં જૈનોમાં પંચમહાવ્રતોનું પાલન આપણી નજર આગળ તરી આવે છે. એટલે પર્યુષણ પર્વ એવી રીતે પસાર થવાં જોઇએ કે જૈન કોમ અને હિંદી મહાસભા તદાકાર એક સ્વરૂપ થઇ જવી જોઇએ. જૈન ધર્મના સિદ્ધાંતોનો આગળ લાવવાનો અમુલ્ય વખત પ્રાપ્ત થયો છે. મહાત્મા ગાંધીજીની આટલી ટુંક વખતની અહિંસાત્મક પ્રવૃત્તિ આખી દુનિયાની પ્રજાનું ધ્યાન ખેંચી રહી છે તો જૈન ધર્મની પ્રાચીન કાળથી ચાલતી આવેલી અહિંસાત્મક પ્રવૃત્તિએ તો દુનિયાની આંખો ઉઘાડી નાખવી જોઇએ. માટે આ વાતાવરણનો લાભ લઇ જૈનો અને ખાસ કરી મુનિ મહારાજોએ ખુબ પુષ્ટિ આપવી જોઇએ. આવો સમય હાથમાંથી જવા દેવો જોઇએ નહીં. Time and tide wait for no man સમય અને ભરતી ઓટ કોઇની રાહ જોતા નથી. આવો પ્રસંગ ફરી આવવાનો નથી.

જૈન બંધુઓ ! આપણે સૌ ભારત માતાના સંતાનો એકજ નૌકામાં બેઠેલા છીએ. આ નૌકા પરતંત્રતારૂપી બેડીના કીનારાથી છુટી આઝાદીના કીનારા તરફ ઉપડી છે એ નૌકાના સુકાનીઓ એક પછી એક ગીરફતાર થાય છે હલેસાં મારનાર સત્યાગ્રહીઓને લાઠીનો માર મારી હલેસાં અટકાવી આગળ ચાલતી અટકાવવા સરકાર તરફથી પ્રયત્ન થઇ રહ્યો છે. પણ આત્મબળથી એકને બદલે અનેક સત્યાગ્રહીઓ નીકળી હલેસાં મારવા મંડી જાય છે. સુકાનીઓ હાકલ પાડી પ્રયત્ન ચાલુ રાખવા ઉપદેશ આપી રહ્યા છે. નૌકાના રસ્તામાં જુદા જુદા પ્રકારનાં તોફાનો ઉભાં કરી વિઘ્નો નાખવામાં આવે છે પણ તે દુર કરવા સુકાનીઓ તનતોડ મહેનત કરી રહ્યા છે. આવા અણીના વખતે જૈનોએ પણ પોતાનો પુરેપુરો ફાળો આપી પોતાની ફરજ બજાવવી જોઇએ. જરૂર સમજજો કે નૌકા સહીસલામત છે તો આપણે સહીસલામત છીએ. માટે આપણે કોઇ પણ પ્રકારે કોમી ભેદ નહીં રાખતાં એક સ્વરૂપ બની નૌકાને હલેસાં મારવા મંડી જવું જોઇએ. આઝાદીના કીનારે નૌકાને લઇ જવાની તમામ પ્રવૃત્તિઓ અહિંસાને અવલંબીને રહેલી છે. તે અહિંસા આપણો ધર્મ છે. એ અહિંસામાં સહનશીલતા અને દેહદમન રહેલા છે એ સહનશીલતા અને દેહદમન માટે આપણાં પવિત્ર પર્યુષણ છે. એ પર્યુષણ પર્વમાં આપણે તેજ કામ કરવું જોઇએ. મુનિ મહારાજાએ કલ્પસૂત્રદ્વારાએ તેજ ઉપદેશ આપવા જોઇએ. મહાવીર સ્વામી ભગવાનનું જીવન ચરિત્ર એજ બોધ આપે છે. તેમણે દેહદમનથી ઉપસર્ગોને દુર કર્યા. આ આઝાદીની લડાઇમાં પણ તેજ કરવાનું છે. આચાર્યો અને મુનિ મહારાજો ધારે તો આ પર્યુષણ પર્વ એવી સારી રીતે ઉજવે કે હિન્દુસ્થાન બહાર આખી દુનીયાની પ્રજાનું એક વખત ધ્યાન ખેંચાઇ રહે કે જૈન ધર્મ અહીંસાના તત્વથી બાયલાપણું શીખવતો નથી પરંતુ સહનશીલતા શીખવી સત્યાગ્રહી બની ટેકમાં અડગ રહી મરતાં સુધી પણ પાછી પાની નહીં કરતાં આઝાદી મેળવવાનું શીખવે છે. પુજ્ય મહાત્મા ગાંધીજીએ એક મુઠીભર હાડકાંવાળી વ્યક્તિએ—પોતાના આત્મબળથી વિચાર વાણી અને વર્તનથી અહિંસાના સિદ્ધાંતનો પ્રયોગ દુનિયાને કરી બતાવ્યો. બીજા દેશના મહાન નેતાઓ પણ મહાત્માજીની અહિંસાત્મક પ્રવૃત્તિ ઉપર રીઝ થઇ અંગ્રેજ સરકારને સુચવી રહ્યા છે કે હિંદની માગણી સ્વીકારો. આનું નામ દેહદમન અને આત્મબળ એનું નામ ઉપદેશ અને એનું નામ વ્યાખ્યાન.

જ્યારે આપણને આવી સોનેરી તક મળી છે તો આ પર્યુષણ પર્વ આઝાદીના ચાલતા વાતાવરણને તન, મન અને ધનથી પુષ્ટિ આપી, હિંદના નેતાઓ અને હજારો બંધુઓની ગીરફતારીના શોક નિમિત્તે આનંદ અને લ્હાવા લેવાનાં કાર્યો છોડી દઇ ઘણીજ સાદી રીતે ઉજવવાં જોઇએ, જેથી આપણી હિંદમાતાને સંતોષ થાય કે મારાં તમામ સંતાનો કટોકટીના વખતમાં એકસરખાં હલેસાં નૌકાને મારી રહ્યાં છે.

આ આઝાદીની લડાઇ તો જૈનો માટે જોઇતું હતું ને વૈદે કહ્યું એ કહેવત સમાન છે. અહિંસા, સહનશીલતા અને દેહદમન એ આપણા જૈનધર્મના સિધ્ધાંતો છે, અને તેજ સિધ્ધાંતોનો ઉપયોગ હિંદની આઝાદીની પ્રવૃત્તિમાં થઇ રહ્યો છે. માટે તે પ્રવૃત્તિને અવશ્ય આપણે આ પર્યુષણ પર્વમાં વધાવી લેવી જોઇએ. જો ખરો આનંદ ઉજવવા માગતા હો તો અંગ્રેજ કવી કોલ્ટન કહે છે તેવો આનંદ પ્રાપ્ત કરો—If there be a pleasure on the earth which angles cannot enjoy, and which they might almost every man the possession of, it is the power of relieving distress. અર્થાત્ જે આનંદ દેવદુત પણ ભોગવી શકતા નથી અને જે માટે તેઓ મનુષ્યને થયેલી પ્રાપ્તીને લીધે મનુષ્યની ઇર્ષા કરે છે એવો જો કોઇ પણ આનંદ આ દુનિયામાં હોય તો તે દુઃખીને દુઃખમાંથી મુક્ત કરવાની શક્તિ છે.

આ આનંદનાં પરમાણુઓ આ આઝાદીનાં વાતાવરણમાં પ્રસરેલાં છે, તે પરમાણુઓને પર્યુષણ પર્વમાં ફેલાવી, તે આનંદ પ્રાપ્ત કરી. પર્યુષણ પર્વને આઝાદીના વાતાવરણમાં એક સ્વરૂપ બનાવી દો. આજ માત્ર જૈનોને માટે હાલના સંયોગોમાં શોભાસ્પદ છે. વંદેમાતરમ્ અને વંદેવીરમ્ એ શબ્દોથી ઉપાશ્રયો ગજાવી મુકો.

# શું શાસનપ્રેમ જુઠાણા ફેલાવવામાં છે?

## દેવસુર સંઘની સભામાં ગુંડાશાહી!

સંઘની સભામાં જે વર્તન 'પંચમેનો'એ ચલાવ્યું છે અને એદ્વારા પોતાનો કહેવાતો ધર્મપ્રેમ! દેખાડી આપ્યો છે તે ન વર્ણવવામાંજ શોભા છે. જમણ જમવા ન જમવાનો તોડ બહુમતીથી ચાલનાર હતો અને દરેક પક્ષને સ્વમાન્યતા રજુ કરવાની હતી તેમાં પંચોદ્વારા જે વિચિત્ર ભાષામાં જુદી જુદી વાતો રજુ કરી પ્રચાર કરવામાં આવ્યો, વળી એવા મલીનતાસુચક પત્રો વાંચવાની હઠ પકડવામાં આવી, અને એમાં એક સદા ઘોઘારી બંધુએ વિરોધ દર્શાવતા ગુંડાશાહી વર્તન શરૂ કરી સ્વેચ્છા મુજબ છત્રીઓ ઉરાડવાની શરૂ કરી. એ સાથે ગ્લીચ વાણી પ્રવાહ વહેવડાવવો શરૂ કર્યો એ સર્વેનો હવે ગમે તેવો બચાવ પેપરના કોલમોમાં કરાય છતાં જે પોત પ્રકાશ્યું તેમાં ફેર નથીજ પડવાનો. હાજર રહેલા એક બંધુએ એમાંના લગભગ ૩૦ થી ૩૫ નામો મોકલી આપ્યા છે જેઓ જાહેર કોન્ફરન્સમાં તેમજ પંચમેન કોરમાં 'આહુતી' કરી આપવાથી સારી રીતે જાણીતા થયેલા છે. જ્યાં પવિત્ર સ્થાને આવું વર્તન આચરવામાં આવે છે ત્યાં ધર્મને નામે માત્ર જમણની લાલસા સિવાય બીજું શું સંભવે!

### પાઘડી ફેરવાય છે.

'મુંબાઇ સમાચાર' તા૦ ૧૮-૮-૩૦ માં ખંભાતના માનપત્ર સંબંધી જે અહેવાલ પ્રગટ કરાયો છે એમાં 'પંચમેન' ના સેક્રેટરીઓએ જાણીજોઇને જનતાને ઉંધા પાટા બંધાવવા યત્ન કર્યો છે. માનપત્રની જે કોપી 'સમાચાર' માં આપી છે તે ખરી નથી. એમાંથી 'જૈન કોન્ફરન્સ અને યુવક સંઘ' સામે પેટ ભરી ઉરાડેલા કાદવવાળો આખો પેરેગ્રાફ પડતો મૂકી દીધો છે. કસ્તુરભાઇ શેઠની સહીવાળી છાપેલી કોપીમાં એ ગ્લીચ ભાષાનો ફકરો મોજુદ છે. જરૂર પડયે આખું માનપત્ર પ્રગટ કરાશે. તેથી તા૦ ૧૧-૮-૩૦ નો ઠરાવ વ્યાજબી છે. સભામાં ઉઘાડાં ચક્ષુએ જોનાર તો પાંત્રીસે ઉપરની હાજરી જોઇ શકતા. યુવકશાહી નેત્રવાળા તે ન જ જોઇ શકે. પ્રમુખને ઠરાવ પાછો ખેંચી લેવાં પત્ર લખનાર કાર્યદેસર પગલાં લેશે ત્યારે છાપેલું માનપત્ર અવશ્ય પ્રગટ થશે. હવે જોવાશે કે ખંભાતી 'પંચમેનો' માં કેટલું પાણી છે? જેવું વલ્લભભાઇ માટે થયું તેવું તો ન થાય ને? એમ થશે તો 'પંચમેનો ને રસિયો' શુંક ઉરાડવામાંજ શૂરા છે એ સારી સમાજ જોઇ શકશે. ખરાને ખોટું ચિતરી છાપાનાં કોલમો ભરવામાં શાસન પ્રેમ સમાતો હોય તો એ ભાઇઓને તે મુબારક રહો.

"ટીટંકડીવ."

### કચ્છી ભાઇઓમાં ચળવળ.

જમણ બંધ રાખવાની ચળવળ કચ્છી દશા ઓશવાળમાં ચાલુ છે. શ્રા. સુ. ૯ નું ખજારેપણું અંગેનું જમણ કચ્છી દશા ઓશવાળ નવજુવાન સંઘના પ્રયત્નથી બંધ રહ્યું હતું. એવીજ ચળવળ સંવત્સરીના બીજા દિવસ માટે ચાલનાર છે એમ એ સંઘના મંત્રીના પત્ર ઉપરથી જણાય છે.

### ભાવનગર સંઘનો ઠરાવ.

શ્રાવણ વદ ૫ ને ગુરૂવારે શ્રી સંઘની સભા શેઠ ગીરધરભાઇ આણંદજીના પ્રમુખપણા હેઠળ દેરાસરજી પાસેની મેડી ઉપર મળી હતી. જમણ કરવા કે નહીં એ સંબંધી ચર્ચા થયા બાદ નીચે મુજબ ઠરાવ સર્વાનુમતે પસાર થયેલો છે.

'આજનો મળેલ શ્રી સંઘ હાલ જે ચળવળ ચાલે છે તેને અંગે શ્રી સંઘના જમણો મુલતવી રાખવાનો ઠરાવ કરે છે. એ પર્યુષણ પહેલાં અગર ભાદરવા સુદ ૩ સુધીમાં ચળવળ શાંત ન થાય તો જ્યારે શાન્ત થાય ત્યારે પછી એક અઠવાડીયામાં સંઘ જમવાનું ઠરાવે છે.

ઠરાવ સર્વાનુમતે પસાર થયા બાદ શ્રી આદિશ્વરજીની જય બોલાવી સભા વિસર્જન થઇ હતી.

સાગરે સંઘના પર્વ જમણો તેમજ મારવાડી ભાઇ તરફથી થતી નોકારશીઓ દેશની હાલની પરિસ્થિતિ અંગે હાલ બંધ રહેનાર છે.

### ઘોઘારી બંધુઓનો ઠરાવ.

મુંબઇમાં વસતા સમસ્ત ઘોઘારી બંધુઓની એક જનરલ મીટીંગ તા૦ ૧૭-૮-૩૦ ના રાત્રે (મુ. ટા.) ૭-૩૦ વાગે શ્રી ગોડીજી મહારાજના દેરાસરના ઉપાશ્રયમાં શ્રી વીરચંદ પાનાચંદ શાહ બી એ. ના પ્રમુખપદે મળી હતી. ત્યારે નીચેના ઠરાવો સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા હતા.

ઠરાવ (૧) લો: આજે મળેલ શ્રી ઘોઘારી જૈન સંઘ, શેઠ કીકાભાઇ ફુલચંદના વીલ સંબંધી હકીકત વિચારીને ઠરાવ કરે છે કે "પર્યુષણના બીજા દિવસના જમણવાર સંબંધી સલાહ અને મદદ આપવાનો કુલ અધિકાર શ્રી ઘોઘારી જ્ઞાતિ (સંઘ)ને પ્રાપ્ત થાય છે. અને તેઓ (ઘોઘારી સંઘ) એ સંબંધમાં જે નિર્ણય કરે તે અનુસારે અમલ કરવાની ફરજ શ્રી ગોડીજી મહારાજના દેરાસરજીના ટ્રસ્ટીઓની છે."

ઠરાવ (૨) જો: આજે મળેલો શ્રી ઘોઘારી જૈન સંઘ ઠરાવ કરે છે કે "દેવસુર સંઘનું જે જમણ ઘોઘારીની જ્ઞાતિના શેઠ કીકાભાઇ ફુલચંદ તરફથી પર્યુષણના બીજા દિવસે થાય છે, તે જમણ ચાલુ પરિસ્થિતિને અંગે આ વર્ષે બંધ રાખવું."

ઠરાવ (૩) જો: આ ઠરાવની એક નકલ શ્રી ગોડીજી મહારાજના દેરાસરના ટ્રસ્ટીઓને પ્રમુખની સહીથી મોકલી આપવી.

ઉપર મુજબ ઠરાવો કરીને રાતના ૧૧-૩૦ (સ્ટા. ટા.) મીટીંગ શ્રી ગોડીજી પાર્શ્વનાથની જય બોલાવીને વીસર્જન થઇ હતી.

## : : લવાજમ : :

| | |
|---|---|
| વાર્ષિક (ટ. ખ સાથે) | રૂા. ૨-૦-૦ |
| સંઘના (સ્થાનિક) સભ્યો માટે | રૂા. ૧-૦-૦ |

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ નાં૦ ૩ મધ્યે છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નાં૦ ૨ મધ્યેથી પ્રસિદ્ધ કરી છે.